સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS

## WEEK 33 (14/08/22 to 20/08/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)












JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**14 AUG-2022**


- દિવસ મહિમા : 14 ઓગસ્ટ, વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ (Partition Horrors Remembrance Day) ........ 02
- ઊર્જા સંરક્ષણ (સુધારા) બિલ, 2022 (The Energy Conservation (Amendment) Bill, 2022) ........ 02
- 73મો વનમહોત્સવ : ગુજરાતના 22મા સાંસ્કૃતિક વન 'વટેશ્વર-વન'નું લોકાર્પણ ........ 04
- QUESTION ANSWERS ........ 08


**15 AUG-2022**


- દિવસ મહિમા : 15 ઓગસ્ટ, ભારતનો 76મો સ્વાતંત્ર્ય દિન ........ 09
- Advance Towed Artillery Gun System ........ 12
- QUESTION ANSWERS ........ 13


**16 AUG-2022**


- ભારતમાં વધુ નવી 11 રામસર સાઈટ ........ 14
- ઉદારશક્તિ : ભારત અને મલેશિયા વચ્ચેનો વાયુસેના અભ્યાસ ........ 17
- યુકે ઓમિક્રોન રસીને મંજૂરી આપનાર પ્રથમ દેશ બન્યો ........ 17
- QUESTION ANSWERS ........ 18


**17 AUG-2022**


- તમિલનાડુમાં નવું હાથી રિઝર્વ : અગસ્ત્યમલાઈ ........ 19
- ચિનાબ રેલવે બ્રિજના 'ગોલ્ડન જોઈન્ટ'નું ઉદ્‌ઘાટન ........ 20
- નાણાકીય નીતિ સમિક્ષા : RBI ........ 20
- ક્રિકેટ અમ્પાયર શ્રી રૂડી કોર્ઝનનું નિધન ........ 21
- QUESTION ANSWERS ........ 23


**18 AUG-2022**


- FIFA અને ભારત ........ 24
- રાજકોટ ખાતે નવનિર્મિત 'રામ વન'નું લોકાર્પણ ........ 25
- QUESTION ANSWERS ........ 27


**19 AUG-2022**


- દિવસ મહિમા : 19 ઓગસ્ટ, વિશ્વ ફોટોગ્રાફી દિવસ (World Photography Day), વિશ્વ માનવતા દિવસ (World Humanitarian Day) ........ 28
- પાલન 1000 રાષ્ટ્રીય અભિયાન (Paalan 1000 National Campaign) ........ 28
- બિહારના મુખ્યમંત્રી તરીકે શ્રી નીતિશ કુમારના રેકોર્ડ આઠમી વખત શપથ ........ 29
- દેશનું પ્રથમ 'હર ઘર પાણી' રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ ........ 30
- QUESTION ANSWERS ........ 32


**20 AUG-2022**


- દિવસ મહિમા : 20 ઓગસ્ટ, સદ્‌ભાવના દિવસ (શ્રી રાજીવ ગાંધી જન્મદિન), ભારતીય અક્ષય ઊર્જા દિવસ (Indian Akshay Urja Day), વિશ્વ મચ્છર દિવસ (World Mosquito Day) ........ 33
- મંડલા ભારતનો પ્રથમ 'કાર્યાત્મક રીતે સાક્ષર' જિલ્લો બન્યો ........ 34
- QUESTION ANSWERS ........ 35

ONE LINER ........ 36

QUESTION OF THIS WEEK ........ 40



ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 ઓગસ્ટ, વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ (Partition Horrors Remembrance Day)



ભારતમાં 14 ઓગસ્ટના રોજ 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ 2021માં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 14 ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' તરીકે ઉજવણી કરવાની જાહેરાત કરી હતી.
- આઝાદી બાદ ભારતનું વિભાજન થયું હતું અને પાકિસ્તાન અસ્તિત્વમાં આવ્યું હતું.
- ભારતના વિભાજન બાદ મોટા પાયે હિંસાની ઘટનાઓ બની હતી.
- જેના કારણે લાખો લોકોને વિસ્થાપિત થવું પડ્યું હતું. અને હિંસામાં અસંખ્ય લોકો મૃત્યુ પામ્યા હતા.
- આથી, તે લોકોના સંઘર્ષ અને બલિદાનની યાદમાં 14 ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.
- આ દિવસ ભારતીયોને સામાજિક વિભાજન, વૈમનસ્ય દૂર કરવાની અને એકતા, સામાજિક સમરસ્તા અને માનવ સશક્તિકરણની ભાવનાને વધુ મજબૂત કરવાની જરૂરિયાતની યાદ અપાવે છે.

## ઊર્જા સંરક્ષણ (સુધારા) બિલ, 2022 (The Energy Conservation (Amendment) Bill, 2022)

તાજેતરમાં લોકસભામાં 'ઊર્જા સંરક્ષણ (સુધારા) બિલ, 2022' પસાર કરવામાં આવ્યું હતું.

- આ બિલ 'ઊર્જા સંરક્ષણ અધિનિયમ, 2001'માં સુધારો કરવા માંગે છે, જેમાં છેલ્લે વર્ષ 2010માં સુધારો કરવામાં આવ્યો હતો.

### બિલની મહત્વની જોગવાઈઓ

### ઊર્જાના બિન-અશ્મિભૂત સ્ત્રોતોનો ઉપયોગ કરવાની જવાબદારી

આ બિલ કેન્દ્ર સરકારને ઊર્જા વપરાશના ધોરણો સ્પષ્ટ કરવાની સત્તા આપે છે.

- બિલ ઉમેરે છે કે સરકાર નિયુક્ત ઉપભોક્તાઓને બિન–અશ્મિભૂત સ્ત્રોતોમાંથી ઊર્જા વપરાશના લઘુત્તમ હિસ્સાને પહોંચી વળવા માંગી શકે છે.
- તે બિન–અશ્મિભૂત સ્ત્રોતો અને ઉપભોક્તા શ્રેણીઓ માટે અલગ–અલગ વપરાશ મર્યાદા સ્પષ્ટ કરી શકે છે.
- નિયુક્ત ગ્રાહકોમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :

(1) ખાણકામ, સ્ટીલ, સિમેન્ટ, કાપડ, રસાયણો અને પેટ્રોકેમિકલ્સ જેવા ઉદ્યોગો,

(2) રેલવે સહિત પરિવહન ક્ષેત્ર અને

(3) વ્યાપારી ઈમારતો

- બિન–અશ્મિભૂત સ્ત્રોતોમાંથી ઊર્જાનો ઉપયોગ કરવાની જવાબદારીમાં નિષ્ફળ જાય તો 10 લાખ રૂપિયા સુધિના દંડને પાત્ર થશે.
- વધારાની ઊર્જાનો ઉપયોગ કરનાર ઉપભોક્તાઓને તેમના વધારાના વપરાશ મુજબ દંડ કરવામાં આવશે.

## કાર્બન ટ્રેડિંગ

આ બિલ કેન્દ્ર સરકારને કાર્બન ક્રેડિટ ટ્રેડિંગ યોજનાનો ઉલ્લેખ કરવાની સત્તા પણ આપે છે.

- કેન્દ્ર સરકાર અથવા અધિકૃત એજન્સી યોજના હેઠળ નોંધાયેલી સંસ્થાઓને કાર્બન ક્રેડિટ પ્રમાણપત્રો જારી કરશે.
- એકમો પ્રમાણપત્ર ખરીદવા અથવા વેચવા માટે હકદાર હશે. અન્ય કોઈપણ વ્યક્તિ સ્વૈચ્છિક ધોરણે કાર્બન ક્રેડિટ પ્રમાણપત્ર પણ ખરીદી શકે છે.

## ઈમારતો માટે ઊર્જા સંરક્ષણ કોડ

આ કાયદો કેન્દ્ર સરકારને ઈમારતો માટે ઊર્જા સંરક્ષણ કોડ સ્પષ્ટ કરવાની સત્તા આપે છે.

- કોડ વિસ્તારના સંદર્ભમાં ઊર્જા વપરાશના ધોરણો સૂચવે છે.
- 'ઊર્જા સંરક્ષણ અને ટકાઉ બિલ્ડીંગ કોડ'ની જોગવાઈઓ માટે આ બિલમાં સુધારો કરવામાં આવ્યો છે.
- આ નવો કોડ ઊર્જા કાર્યક્ષમતા અને સંરક્ષણ, પુનઃપ્રાપ્ય ઊર્જાનો ઉપયોગ અને ગ્રીન ઈમારતો માટેની અન્ય જરૂરિયાતો માટેના ધોરણો પ્રદાન કરશે.
- આ બિલ રાજ્ય સરકારોને લોડ થ્રેશોલ્ડ ઘટાડવાની સત્તા પણ આપે છે.

## વાહનો અને જહાજ માટેના ધોરણો

આ બિલ એવા વાહનો અને જહાજો માટે પણ ધોરણો નક્કી કરે છે જે ઊર્જાનો વપરાશ કરે છે, ઉત્પાદન કરે છે, ટ્રાન્સમિટ કરે છે અથવા સપ્લાય કરે છે.

- જો તેઓ ધોરણોનું પાલન કરવામાં નિષ્ફળ જાય છે. તો તેમના માટે 10 લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## SERCની નિયમનકારી સત્તાઓ

આ અધિનિયમ 'સ્ટેટ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન' (SERC)ને કાયદા હેઠળ દંડ નક્કી કરવા માટે સત્તા આપે છે.

- આ ઉપરાંત SERC તેમના કાર્યોના નિકાલ માટે નિયમો પણ બનાવી શકે છે.

નોંધ : (1) ઊર્જા સંરક્ષણ અધિનિયમ, 2001 હેઠળ 'બ્યૂરો ઓફ એનર્જી એફિશિયન્સી' (BEE)ની સ્થાપના કરવામાં આવી હતી.

(2) 2010ના સુધારાએ બ્યૂરો ઓફ એનર્જી એફિશિયન્સીના ડિરેક્ટર જનરલનો કાર્યકાળ ત્રણથી વધારીને પાંચ વર્ષ કર્યો હતો.

(3) આ બ્યૂરો વિવિધ ઉદ્યોગોના વીજ વપરાશની દેખરેખ અને સમીક્ષા કરવા માટે ઊર્જા ઓડિટર્સ માટે જરૂરી લાયકાતોને સ્પષ્ટ કરી શકે છે.

## 73મો વનમહોત્સવ : ગુજરાતના 22મા સાંસ્કૃતિક વન 'વટેશ્વર-વન'નું લોકાર્પણ




12 ઓગસ્ટ, 2022ના રોજ સુરેન્દ્રનગર જિલ્લામાં દૂધરેજ કેનાલ સાઈટ ખાતે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં 73મા વનમહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી.

- આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરેન્દ્રનગર જિલ્લાના દૂધરેજ કેનાલ સાઈટ પર નિર્માણ પામેલા 'વટેશ્વર–વન'નું લોકાર્પણ કરાવ્યું હતું.
- આ નવું લોકાર્પણ પામેલું 'વટેશ્વર–વન' ગુજરાતનું 22મું સાંસ્કૃતિક વન છે.
- ભગવાન વડવાળાના નામ પરથી આ વન દૂધરેજ કેનાલ સાઈટ પર 5 હેક્ટર વિસ્તારમાં 73 હજારથી વધુ રોપાઓ દ્વારા આકાર પામ્યું છે.
- આ સાંસ્કૃતિક વન આયુર્વેદ અને યોગની થીમ પર 10 કરોડથી વધુના ખર્ચે બનાવવામાં આવ્યું છે.

નોંધ : વટેશ્વર–વન એ સુરેન્દ્રનગર જિલ્લામાં નિર્માણ પામેલુ બીજુ સાંસ્કૃતિક વન છે. અગાઉ ચોટીલા ખાતે 'ભક્તિવન'નું નિર્માણ થયું હતું.

## ગુજરાતમાં વનમહોત્સવની ઉજવણી

ભારતમાં કુલપતિ અર્નાબ પત્ર દ્વારા વર્ષ 1950માં વનમહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

- ત્યારબાદ શ્રી કનૈયાલાલ મુનશીએ 1960ના દાયકામાં આ વનમહોત્સવને આંદોલનનું સ્વરૂપ આપ્યું હતું.
- વર્તમાન સમયે ભારતમાં સામાન્ય રીતે દર વર્ષે 1 જુલાઈ થી 7 જુલાઈ દરમિયાન 'વનમહોત્સવ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે.
- જોકે વર્ષા ઋતુના આગમન બાદ વનમહોત્સવની ઉજવણી થતી હોવાથી દેશના જુદા–જુદા ભાગોમાં જુદા–જુદા દિવસોમાં તેની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત ગુજરાતમાં તાજેતરમાં 73માં વનમહોત્સવની ઉજવણી કરવામાં આવી છે.

## ગુજરાતમાં સાંસ્કૃતિક વનોનું નિર્માણ

ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વનમહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં વર્ષ 2004થી સાંસ્કૃતિક વનોના નિર્માણનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- આ અંતર્ગત ગુજરાતમાં 6 જુલાઈ, 2004ના રોજ ગાંધીનગરના સેક્ટર 18 ખાતે સૌપ્રથમ 'પુનિત વન'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- પુનિત વનમાં ગ્રહ, નક્ષત્ર, રાશિ, સંસ્કૃતિ અને આસ્થાને કેન્દ્ર બિન્દુમાં રાખી જુદા–જુદા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.
- ગુજરાતમાં વર્ષ 2004 સુધી વનમહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણી ગાંધીનગર ખાતે જ થતી હતી.
- પરંતુ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ 2005થી એક નવતર અભિગમ અંતર્ગત ગાંધીનગરની જગ્યાએ ગુજરાતના જુદા–જુદા સ્થળોએ વન મહોત્સવની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ અંતર્ગત વર્ષ 2005માં ગાંધીનગર બહાર સૌપ્રથમ ગુજરાતના અંબાજી ખાતે રાજ્યકક્ષાના વનમહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.
- જેમાં 17 જુલાઈ, 2005ના રોજ અંબાજી ખાતે ગુજરાતના બીજા સાંસ્કૃતિક વન 'માંગલ્ય વન'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- ગુજરાતમાં ઓગસ્ટ, 2022 સુધીમાં કુલ 22 સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- જેમાં આ અગાઉ વર્ષ 2021માં પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કલગામ ખાતે નિર્માણ પામેલા 'મારૂતિ નંદન વન'નું લોકાર્પણ કરાવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ગુજરાતમાં વનમહોત્સવ અંતર્ગત સાંસ્કૃતિક વનોનું નિર્માણ


| ક્રમ | જિલ્લો | સ્થળ | વનનું નામ | વર્ષ | વનમહોત્સવ |
|---|---|---|---|---|---|
| 1 | ગાંધીનગર | સેક્ટર 18, ગાંધીનગર | પુનિત વન | 2004 | 55મો |
| 2 | બનાસકાંઠા | અંબાજી | માંગલ્ય વન | 2005 | 56મો |
| 3 | મહેસાણા | તારંગા | તીર્થંકર વન | 2006 | 57મો |
| 4 | ગીર સોમનાથ | સોમનાથ | હરિહર વન | 2007 | 58મો |
| 5 | સુરેન્દ્રનગર | ચોટીલા | ભક્તિ વન | 2008 | 59મો |
| 6 | સાબરકાંઠા | શામળાજી | શ્યામલ વન | 2009 | 60મો |
| 7 | ભાવનગર | પાલીતાણા | પાવક વન | 2010 | 61મો |
| 8 | પંચમહાલ | પાવાગઢ | વિરાસત વન | 2011 | 62મો |
| 9 | મહિસાગર | માનગઢ | ગોવિંદગુરૂ સ્મૃતિ વન | 2012 | 63મો |
| 10 | દેવભૂમિ દ્વારકા | દ્વારકા | નાગેશ વન | 2013 | 64મો |
| 11 | રાજકોટ | કાગવડ | શક્તિ વન | 2014 | 65મો |
| 12 | નવસારી | ભીનાર, વાંસદા | જાનકી વન | 2015 | 66મો |
| 13 | આણંદ | વહેરાખાડી (વ્હોરાખાડી) | મહિસાગર વન | 2016 | 67મો |
| 14 | વલસાડ | બાલ ચૌઠી | આમ્ર વન | 2016 | 67મો |
| 15 | સુરત | મૌતા અથવા મોટા | એકતા વન | 2016 | 67મો |
| 16 | જામનગર | ભૂચરમોરી | શહિદ વન | 2016 | 67મો |
| 17 | સાબરકાંઠા | પાલ–દઢવાવ | વીરાંજલી વન | 2017 | 68મો |
| 18 | કચ્છ | રૂદ્રમાતા ડેમ સાઈટ | રક્ષક વન | 2018 | 69મો |
| 19 | અમદાવાદ | ઓઢવ | જડેશ્વર વન | 2019 | 70મો |
| 20 | રાજકોટ | આજીડેમ | રામવન | 2020 | 71મો |
| 21 | વલસાડ | કલગામ (તાલુકો : ઉમરગામ) | મારુતિ નંદન વન | 2021 | 72મો |
| 22 | સુરેન્દ્રનગર | દૂધરેજ કેનાલ સાઈટ | વટેશ્વર વન | 2022 | 73મો |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સાંસ્કૃતિક વનોના મુખ્ય ઉદ્દેશો

- ધાર્મિક અને ઔષધિય વૃક્ષોથી વધુમાં વધુ લોકોને માહિતીગાર કરવા.
- વૃક્ષ આચ્છાદાન હેઠળનો વિસ્તાર વધારવામાં લોકોની સક્રિય ભાગીદારી વધારાવી.
- જૈવ વિવિધતા અને પર્યાવરણમાં સુધારો સંવર્ધન કરવું.
- રોજગારી ઉત્પન્ન કરવી.
- પૌરાણિક સંસ્કૃતિથી લોકોને પરિચિત કરવા.
- વૃક્ષ થકી લોક કલ્યાણ અને વૃક્ષો પ્રત્યે લોકોમાં ભાવના જાગૃત કરવી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' (Partition Horrors Remembrance Day) તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 12 ઓગસ્ટ (B) 13 ઓગસ્ટ (C) 14 ઓગસ્ટ (D) 15 ઓગસ્ટ (C)

2. તાજેતરમાં લોકસભામાં 'ઊર્જા સંરક્ષણ (સુધારા) બિલ, 2022' પસાર કરવામાં આવ્યું હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ બિલ 'ઊર્જા સંરક્ષણ અધિનિયમ, 2001'માં સુધારો કરવા માગે છે.
2. આ બિલ કેન્દ્ર સરકારને ઊર્જા વપરાશના ધોરણો સ્પષ્ટ કરવાની સત્તા આપે છે.
3. આ બિલ કેન્દ્ર સરકારને ઈમારતો માટે ઊર્જા સંરક્ષણ કોડ સ્પષ્ટ કરવાની સત્તા આપે છે.
4. આ બિલ મુજબ બિન–અશ્મિભૂત સ્ત્રોતોમાંથી ઊર્જાનો ઉપયોગ કરવાની જવાબદારીમાં નિષ્ફળ જાય તો 10 લાખ રૂપિયા સુધીના દંડને પાત્ર થશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

3. ઓગસ્ટ 2022 દરમિયાન ગુજરાતમાં કેટલામાં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી છે ?

(A) 70મા (B) 71મા (C) 72મા (D) 73મા (D)

4. 12 ઓગસ્ટ, 2022ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 73મા વન મહોત્સવ અંતર્ગત કયા કયા સાંસ્કૃતિક વનનું લોકાર્પણ કર્યું છે ?

(A) મહેશ્વર વન (B) વટેશ્વર વન (C) કોટેશ્વર વન (D) રામેશ્વર વન (B)

5. ઓગસ્ટ 2022માં ગુજરાતમાં કઈ જગ્યાએ નિર્માણ પામેલા સાંસ્કૃતિક વન 'વટેશ્વર–વન'નું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોકાર્પણ કરાવ્યું છે ?

(A) દૂધરેજ, સુરેન્દ્રનગર (B) તાલાલા, ગીર સોમનાથ

(C) વાંકાનેર, મોરબી (D) સિદ્ધપુર, પાટણ (A)

6. ગુજરાતમાં ઓગસ્ટ 2022 સુધીમાં કેટલા સાંસ્કૃતિક વનોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે ?

(A) 20 (B) 21 (C) 22 (D) 23 (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 15 ઓગસ્ટ, ભારતનો 76મો સ્વાતંત્ર્ય દિન

15 ઓગસ્ટ, 2022ના રોજ સમગ્ર ભારતમાં 76માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

### 76મા સ્વાતંત્ર્ય દિનની રાષ્ટ્રકક્ષાની ઉજવણી



15 ઓગસ્ટ, 2022ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના લાલ કિલ્લા પરથી ભારતના સ્વાતંત્ર્ય પર્વે સતત નવમી વખત તિરંગો લહેરાવીને તેને સલામી આપી હતી.

નોંધ : વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વાતંત્રતા દિવસના ભાષણમાં મહિલા સ્વાતંત્રતા સેનાનીઓ જેમ કે રાણી લક્ષ્મીબાઈ, વીરાંગના ઝલકારી બાઈ, દુર્ગાભાભી, રાણી ગેડિનલ્યૂ, બેગમ હઝરત મહલ, રાણી વેલુનાચીયાર વગેરેને શ્રદ્ધાંજલી આપી હતી.

### 76મા સ્વાતંત્ર્ય દિનની રાજ્યકક્ષાની ઉજવણી

15 ઓગસ્ટ, 2022ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 76મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી અંતર્ગત અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે રાજ્યકક્ષાના ધ્વજવંદન સમારોહમાં તિરંગાને સલામી આપી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### આઝાદી કા અમૃત મહોત્સવ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 12 માર્ચ, 2021ના રોજ સાબરમતી આશ્રમ અમદાવાદ ખાતેથી 'આઝાદી કા અમૃત મહોત્સવ' (India@75)નું ઉદ્ઘાટન કર્યુ હતું.

- 'આઝાદી કા અમૃત મહોત્સવ' ભારત સરકાર દ્વારા ભારતની આઝાદીની 75મી વર્ષગાંઠની ઉજવણી માટે આયોજિત કાર્યક્રમોની શ્રેણી છે.
- આ મહોત્સવ જાહેર ભાગીદારીની ભાવના સાથે જાહેર ઉત્સવ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે.
- આઝાદીના 75મી વર્ષગાંઠ પર આયોજિત કાર્યક્રમો અંગે નીતિઓ અને યોજનાઓ તૈયાર કરવા માટે ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય અમલીકરણ સમિતિની રચના કરવામાં આવી હતી.
- પ્રારંભિક કાર્યક્રમોની શરૂઆત 12 માર્ચ, 2021થી થઈ હતી.
- આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ 15 ઓગસ્ટ, 2023 સુધી ચાલુ રહેશે.

# શ્રી અરવિંદ ઘોષ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 15 ઓગસ્ટ, 2022ના રોજ શ્રી અરવિંદ ઘોષને (અથવા શ્રી અરબિંદો ઘોષ) તેમની 150મી જન્મ જયંતિ પર શ્રદ્ધાંજલી આપી હતી.



- શ્રી અરવિંદ ઘોષનો જન્મ 15 ઓગસ્ટ, 1872ના રોજ કોલકાતા ખાતે થયો હતો.
- તેઓ યોગી, દષ્ટા, ફિલસૂફ, કવિ અને ભારતીય રાષ્ટ્રવાદી હતા જેમણે આધ્યાત્મિક વિકાસ દ્વારા પૃથ્વી પર દિવ્ય જીવનની ફિલસૂફીનો પ્રસ્તાવ મૂકયો હતો.
- તેમનું શિક્ષણ દાર્જિલિંગની એક ક્રિશ્ચયન કોન્વેટ સ્કૂલમાં શરૂ થયું હતું.
- તેમણે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં પ્રવેશ લીધો હતો જ્યાં તેઓ બે શાસ્ત્રીય અને અનેક આધુનિક યુરોપિયન ભાષાઓમાં નિપુણ બન્યા હતા.
- તેમણે શાસ્ત્રીય સંસ્કૃત સહિત યોગ અને ભારતીય ભાષાઓનો અભ્યાસ કર્યો હતો.
- વર્ષ 1902થી 1910 સુધી તેમણે અંગ્રેજોથી ભારતને મુક્ત કરવાના સંઘર્ષમાં ભાગ લીધો હતો.
- તેમની રાજકીય પ્રવૃત્તિઓના પરિણામે વર્ષ 1908 (અલીપોર બોમ્બ કેસ)માં તેમને જેલમાં મોકલવામાં આવ્યા હતા.
- બે વર્ષ પછી તેઓ બ્રિટિશ ભારતમાંથી મુક્ત થઈ અને પુડુચેરીની ફ્રેન્ચ વસાહતમાં આશરો લીધો હતો.
- જ્યાં તેમણે પોતાનું આખું જીવન પરિપૂર્ણ અને આધ્યાત્મિક રીતે પરિવર્તનશીલ જીવનના ઉદ્દેશ્ય સાથે તેના અવિભાજ્ય યોગના વિકાસ માટે સમર્પિત કર્યુ હતું.
- પુડુચેરીમાં તેમણે આધ્યાત્મિક સાધકોના સમુદાયની સ્થાપના કરી, જેણે વર્ષ 1926માં અરવિંદ આશ્રમ અથવા શ્રી અરવિંદો આશ્રમ તરીકે આકાર લીધો.
- શ્રી અરવિંદ ઘોષની મહત્વની સાહિત્યિક કૃતિઓ નીચે મુજબ છે :

(1) બંદે માતરમ (Bande Mataram) (અથવા વંદે માતરમ) નામનું અંગ્રેજી અખબાર (1905માં)

(2) યોગનો આધાર

(3) ભગવદ ગીતા અને સંદેશ

(4) માણસનો ભાવિ વિકાસ

(5) પુનર્જન્મ અને કર્મ

(6) સાવિત્રી : એક દંતકથા અને પ્રતીક


INSTITUTE FOR COMPETITIVE EXAM

નોંધ : (1) શ્રી અરવિંદ ઘોષે બરોડા (વડોદરા) અને કોલકાતામાં વિવિધ વહીવટી હોદ્દાઓ પર સેવા આપી હતી.

(2) ઈ.સ. 1905માં શ્રી અરવિંદ ઘોષ અને બારીન્દ્ર ઘોષ દ્વારા અનુશીલન સમિતિને બંગાળથી રાષ્ટ્રવ્યાપી બનાવવામાં આવી હતી.

(3) ઈ.સ. 1905માં શ્રી અરવિંદ ઘોષે 'ભવાની મંદિર' પુસ્તિકામાં ક્રાંતિની યોજના આલેખી હતી જેથી તેઓ ગુજરાતના સશસ્ત્ર ક્રાંતિના પ્રણેતા ગણાય છે.

## પંચ પ્રાણ લક્ષ્ય



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 15 ઓગસ્ટ, 2022ના રોજ તેમના ભાષણ દરમિયાન ભારતના લોકોને વિકસિત રાષ્ટ્ર માટે 'પંચ પ્રાણ' (પાંચ પ્રતિજ્ઞાઓ અથવા સંકલ્પો) લેવાનું આહવાન કર્યું હતું.

- અને આવનારા 25 વર્ષ એટલે કે વર્ષ 2047 સુધીમાં ભારતની આઝાદીના 100માં વર્ષ સુધીમાં સ્વાતંત્ર્તા સેનાનીઓના સપનાને સાકાર કરવાનું લક્ષ્ય રાખ્યું હતું.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આગામી 25 વર્ષમાં ભારતને એક વિકસિત રાષ્ટ્રમાં પરિવર્તિત કરવા માટે 'પંચ પ્રાણ લક્ષ્ય' નક્કી કર્યા છે.
- વિકસિત ભારતના ધોરણોમાં સમાવેશ થાય છે– સ્વચ્છતા અભિયાન, રસીકરણ, વીજળી જોડાણ, ખુલ્લામાં શૌચ મુક્ત, વિકસિત ભારત માટે સૌર ઊર્જાનો ઉપયોગ.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાંચ સંકલ્પો અથવા પ્રતિજ્ઞા લેવાનું કહ્યું તેમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :

(1) વિકસિત ભારતના વિશાળ સંકલ્પ સાથે આગળ વધવું

(2) ગુલામીના તમામ નિશાનો નાબૂદ કરવા

(3) આપણને આપણા વારસા પર ગર્વ હોવું જોઈએ.

(4) એકતાની તાકાત

(5) PM અને CM સહિત નાગરિકોની ફરજો.

ICE INSTITUTE FOR COMPETITIVE

## Advance Towed Artillery Gun System

તાજેતરમાં સ્વદેશી રીતે વિકસિત હોવિત્ઝર તોપ 'એડવાન્સ ટોડ (ટોવ્ડ) આર્ટિલરી ગન સિસ્ટમ' (ATAGS) સ્વતંત્રતા દિવસ નિમિત્તે લાલ કિલ્લા પર 21 તોપોની સલામીનો એક ભાગ બની હતી.



### ATAGS વિશે

એડવાન્સ ટોડ આર્ટિલરી ગન સિસ્ટમ (ATAGS) એ સ્વદેશી 155 mm × 52 કેલિબરની હોવિત્ઝર તોપ અથવા ગન છે.

- હોવિત્ઝર એ લાંબા અંતરની તોપો (અથવા ગન)ના વર્ગ માટે વ્યાપક શબ્દ છે.
- તેને DRDO દ્વારા વિકસાવવામાં આવ્યું છે, જેની પુણે સ્થિત લેબોરેટરી 'આર્મમેન્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ' (ARDE) નોડલ એજન્સી છે.
- ભારતીય સેનામાં જૂની તોપોને આધુનિક 155 mm આર્ટિલરી ગનથી બદલવા માટે DRDO દ્વારા વર્ષ 2013માં ATAGS પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી હતી.

### વિશેષતા

ATAGSની આર્મમેન્ટ સિસ્ટમમાં મુખ્યત્વે બેરલ, બ્રિચ મિકેનિઝમ, મઝલ બ્રેક અને રિકોનોઈલ મિકેનિઝમનો સમાવેશ થાય છે.

- જે આર્મિને લાંબી રેન્જ અને ચોકસાઈ સાથે 155 mm કેલિબર દારૂગોળો ફાયર કરે છે અને સેનાને વધુ ફાયર પ્રદાન કરવામાં મદદ કરે છે.
- લાંબા સમય સુધી જાળવણી મુક્ત અને વિશ્વસનીય કામગીરીને સુનિશ્ચિત કરવા માટે ATAGS એ તમામ ઈલેક્ટ્રિક ડ્રાઈવ સાથે ગોઠવેલ છે.
- તે ઉચ્ચ ગતિશીલતા, ઝડપી તૈનાતી, સહાયક પાવર મોડ, એડવાન્સ કોમ્યુનિકેશન સિસ્ટમ, ઓટોમેટિક કમાન્ડ અને કન્ટ્રોલ સિસ્ટમ સાથે રાત્રે ડાયરેક્ટ ફાયર મોડમાં ફાયરિંગ ક્ષમતાના સંદર્ભમાં અદ્યતન સુવિધાઓ ધરાવે છે.
- સ્પેશિયલ ગન સિસ્ટમ C4I (કમાન્ડ, કંટ્રોલ, કોમ્યુનિકેશન, કમ્પ્યૂટર અને ઈન્ટેલિજન્સ) આર્ટિલરી કોમ્બેટ કમાન્ડ એન્ડ કંટ્રોલ સિસ્ટમ (ACCCS) સાથે સુસંગત છે, જેને ટેક્નિકલ ફાયર પ્લાનિંગ, ડિપ્લોમેન્ટ મેનેજમેન્ટ અને આર્મિના ઓપરેશનલ લોજિસ્ટિક્સ માટે શક્તિ કહેવાય છે.

**નોંધ :** આ સિસ્ટમ વિકસાવવા માટે DRDOની પૂણે સ્થિત લેબોરેટરી ARDEએ ખાનગી કંપનીઓ ભારત ફોર્જ લિમિટેડ, મહિન્દ્રા ડિફેન્સ નેવલ સિસ્ટમ, ટાટા પાવર સ્ટ્રેટેજિક એન્જિનિયરિંગ ડિવિઝન અને જાહેર ક્ષેત્રના એકમ ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ (OFB) સાથે ભાગીદારી કરી છે.

**1.** 15 ઓગસ્ટ, 2022ના રોજ ભારતમાં કેટલામાં સ્વાતંત્ર્યપર્વની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 73મા (B) 74મા (C) 75મા (D) 76મા **(D)**

**2.** 15 ઓગસ્ટ, 2022ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ કયાંથી તિરંગો લહેરાવ્યો હતો ?

(A) ગાંધીનગર (B) મોડાસા (C) પાટણ (D) આહવા **(B)**

**3.** 'આઝાદી કા અમૃત મહોત્સવ' (India@75) એ ભારત સરકાર દ્વારા ભારતની આઝાદીની 75મી વર્ષગાંઠની ઉજવણી માટે આયોજિત કાર્યક્રમોની શ્રેણી છે. જેનું ઉદ્ઘાટન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયારે અને કયાંથી કર્યુ હતું ?

(A) 12 માર્ચ, 2021, સાબરમતી આશ્રમ– અમદાવાદ

(B) 12 માર્ચ, 2021, છત્તરમંજિલ– લખનૌ

(C) 12 માર્ચ, 2021, રાજીવ ગાંધી ક્રિકેટ સ્ટેડિયમ– હૈદરાબાદ

(D) 12 માર્ચ, 2021, એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ– બેંગ્લોર **(A)**

**4.** તાજેતરમાં ATAGS સિસ્ટમ સ્વતંત્રતા દિવસ નિમિત્તે લાલ કિલ્લા પર 21 તોપોની સલામીનો એક ભાગ બની હતી. આ ATAGS સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'એડવાન્સ ટોવ્ડ આર્ટિલરી ગન સિસ્ટમ' છે.
2. તે સ્વદેશી 155 mm × 52 કેલિબરની હોવિત્ઝર તોપ અથવા ગન છે.
3. તેને DRDO દ્વારા વિકસાવવામાં આવી છે.
4. તેના ઉત્પાદનમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝનો મહત્વનો ફાળો રહ્યો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતમાં વધુ નવી 11 રામસર સાઈટ

તાજેતરમાં ભારતની 11 નવી આદ્રભૂમિને રામસર સાઈટ અથવા આંતરરાષ્ટ્રીય મહત્વની આદ્રભૂમિ (વેટલેન્ડ)માં સમાવેશ કરવામાં આવ્યો છે.

- આ સાથે ભારતમાં રામસર સાઈટની કુલ સંખ્યા 75 થઈ ગઈ છે.
- તમિલનાડુમાંથી ચાર, ઓડિશામાંથી ત્રણ, જમ્મુ અને કાશ્મીરમાંથી બે તથા મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી એક–એક સાઈટ ઉમેરવામાં આવી છે.
- આ સ્થળોને રામસર સાઈટમાં ઉમેરવાથી આદ્રભૂમિના સંરક્ષણ અને વ્યવસ્થાપન તથા તેનો યોગ્ય ઉપયોગ કરવામાં મદદ મળશે.
- વર્ષ 2022માં રામસર સાઈટની યાદીમાં અત્યાર સુધીમાં 28 સાઈટનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- તમિલનાડુમાં રામસર સાઈટની સૌથી વધુ સંખ્યા છે. તમિલનાડુ રાજ્યમાં કુલ 14 રામસર સાઈટ છે (ઓગસ્ટ 2022ની દષ્ટિએ)
- ત્યારબાદ ઉત્તરપ્રદેશમાં 10 રામસર સાઈટ છે.

® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### 11નવી ઉમેરવામાં આવેલી રામસર સાઈટ

| ક્રમ | રામસર સાઈટ | સંબંધિત રાજ્ય | વિશેષતા |
|---|---|---|---|
| 1 | તંપારા તળાવ | ઓડિશા | – તે ઓડિશાના ગંજમ જિલ્લામાં સ્થિત સૌથી પ્રસિદ્ધ તાજા પાણીના તળાવોમાંનું એક છે.<br>– આદ્રભૂમિ સંદેશનશીલ પ્રજાતિઓ જેમ કે સાયપ્રિનસ કાર્પિયો, કોમન પોચાર્ડ (એથિયા ફેરીના) અને રિવર ટર્ન (સ્ટર્ના ઓરન્ટિયા) જેવી પ્રજાતિઓ માટે મહત્વપૂર્ણ રહેઠાણ છે. |
| 2 | હીરાકુંડ જળાશય | ઓડિશા | – હીરાકુંડ જળાશય ઓડિશાનો સૌથી મોટો ડેમ છે.<br>– તેનું સંચાલન વર્ષ 1957માં શરૂ થયું હતું.<br>– જળાશયમાંથી જાણીતી 54 માછલીની પ્રજાતિઓમાંથી 1ને ભયંકર તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે, 6ને જોખમની નજીક અને 21 ને આર્થિક મહત્વની પ્રજાતિઓ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. |

| | | | |
|---|---|---|---|
| 3 | અંશુપા તળાવ | ઓડિશા | – તે ઓડિશાનું સૌથી મોટું તાજા પાણીનું તળાવ છે. જે કટક જિલ્લાના બાંકી પેટા વિભાગમાં આવેલું છે.<br>– પ્રાચીન સમયથી તેની પ્રાકૃતિક સુંદરતા, જૈવવિવિધતા અને કુદરતી સંસાધન માટે જાણીતુ છે.<br>– આ આદ્રભૂમિ એ મહાનદી દ્વારા રચાયેલ ગોખુર (નળાકાર આદ્રભૂમિ) તળાવ છે. અને તે 231 હેક્ટર વિસ્તારમાં ફેલાયેલુ છે.<br>– આ આદ્રભૂમિમાં પક્ષીઓની ઓછામાં ઓછી 194 પ્રજાતિઓ, માછલીની 61 પ્રજાતિઓ અને મેક્રો ફાઈટ્સની 244 પ્રજાતિઓ ઉપરાંત સસ્તન પ્રાણીઓની 26 પ્રજાતિઓનું રહેઠાણ છે. |
| 4 | યશવંત સાગર | મધ્યપ્રદેશ | – યશવંત સાગર એ ઈન્દોર પ્રદેશના બે મહત્ત્વના પક્ષી વિસ્તારો (IBA) પૈકીનું એક તેમજ મધ્યપ્રદેશના માલવા (માળવા) પ્રદેશમાં સૌથી મહત્વપૂર્ણ પક્ષી સ્થળો પૈકીનું એક છે.<br>– તેને મધ્યભારતમાં સંવેદનશીલ સારસ ક્રેનનું મુખ્ય નિવાસ સ્થાન માનવામાં આવે છે.<br>– આદ્રભૂમિ તેમના વિશાળ છીછરા/દલદલીવાળા ઘાસના મેદાનોને કારણે મોટી સંખ્યામાં શિયાળુ સ્થળાંતર કરનારા પક્ષીઓ માટે આશ્રયસ્થાન માનવામાં આવે છે. |
| 5 | ચિત્રાનુડી પક્ષી અભયારણ્ય | તમિલનાડુ | – સ્થાનિક રીતે તે 'ચિત્રા નુડી કનમોલી' તરીકે ઓળખાય છે.<br>– આ આદ્રભૂમિ 1989થી સંરક્ષિત વિસ્તાર છે જે તમિલનાડુ વન વિભાગ, રામનાથપુરમ વિભાગના અધિકારક્ષેત્ર હેઠળ પક્ષી અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું છે.<br>– તે શિયાળામાં સ્થળાંતર કરનારા પક્ષીઓ માટે એક આદર્શ નિવાસ સ્થાન છે. સ્થળ પરથી 30 પરિવારોના 50 જેટલા પક્ષીઓ નોંધાયા છે. |
| 6 | સુચિન્દ્રમ થેરૂર આદ્રભૂમિ પરિસર | તમિલનાડુ | – સુચિન્દ્રમ થેરૂર આદ્રભૂમિ પરિસર એ સુચિન્દ્રમ–થેરૂર મનાકુડી સંરક્ષણ અનામતનો ભાગ છે.<br>– તેને મહત્વપૂર્ણ પક્ષી વિસ્તાર (IBA) જાહેર કરવામાં આવ્યો છે. અને તે સ્થળાંતરિત પક્ષીઓ માટે મધ્ય એશિયન ફલાયવેના દક્ષિણ છેડે સ્થિત છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| 7 | વદુવર (વડુવર) પક્ષી અભયારણ્ય | તમિલનાડુ | – તે મોટા માનવસર્જિત સિંચાઈ ટાંકીઓ અને સ્થળાંતર કરનારા પક્ષીઓ માટે યોગ્ય છે. કારણ કે તે ખોરાક, આશ્રય અને સંવર્ધન માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડે છે.<br>– સર્વેક્ષણ દરમિયાન મોટા ભાગે જળાશય બગલા અદ્રે ઓલા ગ્રેઈ મળી આવ્યા હતા. |
| 8 | કાંજીરનકુલમ પક્ષી અભયારણ્ય | તમિલનાડુ | – તે ઘણા સ્થળાંતર કરનાર બગલા પ્રજાતિઓ માટે માળાના સ્થળ તરીકે પ્રસિદ્ધ છે. જ્યાં બગલા બબૂલના ઝાડ પર સ્થળાંતર કરે છે.<br>– સ્થળાંતર કરનારા જળપક્ષીઓની સંવર્ધન વસતી ઓક્ટોબર અને ફેબ્રુઆરીની વચ્ચે અહીં આવે છે. તેમાં સારસ, વ્હાઈટ આઈબસ, બ્લેક આઈબસ, લિટલ એગ્રેટ, ગ્રેટ એગ્રેટનો સમાવેશ થાય છે. |
| 9 | થાણે ક્રીક | મહારાષ્ટ્ર | – તેને થાણે ક્રીક ફ્લેમિંગો અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું છે.<br>– થાણે ક્રીક બંને બાજુએ મેન્ગ્રોવ્સથી ઘેરાયેલું છે અને તેમાં કુલ ભારતીય મેન્ગ્રુવની 20 ટકા પ્રજાતિઓ છે. |
| 10 | હાઈગામ આદ્રભૂમિ સંરક્ષણ રિઝર્વ | જમ્મુ અને કાશ્મીર | – તે ઘણા નિવાસી અને સ્થળાંતરીત પક્ષીઓના નિવાસ સ્થાન તરીકે સેવા આપે છે.<br>– તે એક મહત્વપૂર્ણ પક્ષી વિસ્તાર (IBA) તરીકે પણ ઓળખાય છે.<br>– ઈકોસિસ્ટમ સેવાઓની પુષ્કળતા પૂરી પાડે છે. |
| 11 | શાલબુગ વેટલેન્ડ કન્ઝર્વેશન રિઝર્વ | જમ્મુ અને કાશ્મીર | – તે જમ્મુ કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશના શ્રીનગરમાં આવેલું છે.<br>– આ વિસ્તાર ફ્રેગ્માઈટ કોમ્યુનિસ અને ટાયફા એંગુસ્ટાટાના રીડબેડથી સમૃદ્ધ છે. |



## ઉદારશક્તિ : ભારત અને મલેશિયા વચ્ચેનો વાયુસેના અભ્યાસ



ઉદારશક્તિ (Udarshakti) એ ભારતીય વાયુસેના (IAF) અને રોયલ મલેશિયન એરફોર્સ (RMAF) વચ્ચેની દ્વિપક્ષીય કવાયત અથવા અભ્યાસ છે.

- ચાર દિવસની દ્વિપક્ષીય કવાયત તાજેતરમાં મલેશિયામાં યોજાઈ હતી.
- ઉદારશક્તિ 2022માં ભારતીય વાયુસેના SU-30 MKI અને C-17 એરક્રાફ્ટ સાથે આ અભ્યાસમાં ભાગ લઈ રહી છે.
- બીજી તરફ મલેશિયન એરફોર્સ SU-30 MKM એરક્રાફ્ટ સાથે ભાગ લઈ રહી છે.
- ચાર દિવસ દરમિયાન બંને વાયુસેનાઓ વચ્ચે વિવિધ હવાઈ લડાયક કવાયત કરવામાં આવી હતી.
- આ અભ્યાસ લાંબા સમયથી મિત્રતાના બંધનને મજબૂત કરશે અને બંને સેનાઓ વચ્ચે સંરક્ષણ સહયોગ વધારશે.

નોંધ : (1) વર્ષ 2018માં ફ્રન્ટલાઈન સુખોઈ– 30 ફાઈટર જેટની પ્રથમ દ્વિપક્ષીય વાયુસેનાની કવાયત યોજાઈ હતી.
(2) 2008 થી 2010 સુધી ભારતીય વાયુસેનાની તાલીમ ટીમ SU-30 SKM એરક્રાફ્ટ પર મલેશિયાના પાઈલટ્સને તાલીમ આપવા માટે મલેશિયામાં તૈનાત કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યુકે ઓમિક્રોન રસીને મંજૂરી આપનાર પ્રથમ દેશ બન્યો




યુનાઈટેડ કિંગ્ડમે ઓમિક્રોન વેરિઅન્ટ માટે સૌપ્રથમ કોવિડ– 19 રસી અધિકૃત કરી હતી.

- આ સાથે ઓમિક્રોન રસીને મંજૂરી આપનાર તે પ્રથમ દેશ બન્યો છે.
- રસીને અધિકૃત કરવાથી હવે મોડર્નાના બે–સ્ટ્રેન શોટનો ઉપયોગ કરીને ઓટમ બૂસ્ટર અભિયાનનો માર્ગ મોકળો થશે.
- આ રસી માટે શરતી અધિકૃતતા 'Medicines and Healthcare Products Regulatory Authority' દ્વારા આપવામાં આવી હતી. તે કોવિડ– 19 રસીને મંજૂરી આપનાર વિશ્વભરમાં તે પ્રથમ સત્તા પણ હતી.
- આ રસી 18 વર્ષથી વધુ ઉંમરના લોકોમાં ઉપયોગ માટે અધિકૃત છે.

**1.** ઓગસ્ટ 2022ની દષ્ટિએ ભારતમાં કુલ કેટલી રામસર સાઈટ છે ?

(A) 66 (B) 68 (C) 73 (D) 75 **(D)**

**2.** ભારતમાં કયા રાજ્યમાં સૌથી વધુ રામસર સાઈટ આવેલી છે ? (ઓગસ્ટ 2022ની દષ્ટિએ)

(A) મહારાષ્ટ્ર (B) તમિલનાડુ (C) આંધ્રપ્રદેશ (D) ઓડિશા **(B)**

**3.** તાજેતરમાં રામસર સાઈટમાં સમાવિષ્ટ થયેલ સ્થળ 'તંપરા તળાવ', 'હીરાકુંડ જળાશય' અને 'અંશુપા તળાવ' કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) મહારાષ્ટ્ર (B) ઓડિશા (C) મધ્યપ્રદેશ (D) રાજસ્થાન **(B)**

**4.** તાજેતરમાં રામસર સાઈટમાં સમાવિષ્ટ થયેલ સ્થળ 'યશવંત સાગર' કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) મધ્યપ્રદેશ (B) કેરળ (C) પંજાબ (D) હરિયાણા **(A)**

**5.** તાજેતરમાં રામસર સાઈટમાં સમાવિષ્ટ થયેલ સ્થળ 'ચિત્રાનુડી પક્ષી અભ્યારણ્ય' કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) તમિલનાડુ (B) ગોવા (C) કેરળ (D) ઓડિશા **(A)**

**6.** તાજેતરમાં રામસર સાઈટમાં સમાવિષ્ટ સ્થળ 'શાલબુગ વેટલેન્ડ કન્ઝર્વેશન રિઝર્વ' કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) પુડુચેરી (B) મેઘાલય (C) સિક્કિમ (D) જમ્મુ કાશ્મીર **(D)**

**7.** તાજેતરમાં 'ઉદાશક્તિ' (Udarshakti) નામનો વાયુસેના અભ્યાસ કયા બે દેશની એરફોર્સ વચ્ચે યોજાયો હતો ?

(A) ભારત–ઓમાન (B) ભારત–મલેશિયા (C) ભારત–માલદીવ (D) ભારત–ફ્રાન્સ **(B)**

**8.** તાજેતરમાં કયો દેશ ઓમિક્રોન રસીને મંજૂરી આપનાર પ્રથમ દેશ બન્યો છે ?

(A) જાપાન (B) કેનેડા (C) યુનાઈટેડ કિંગ્ડમ (D) પોલેન્ડ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## તમિલનાડુમાં નવું હાથી રિઝર્વ : અગસ્થ્યમલાઈ

તાજેતરમાં ભારત સરકારે કેરળમાં પેરિયાર વન્યજીવ અભયારણ્ય ખાતે એક કાર્યક્રમ દરમિયાન તમિલનાડુમાં નવું હાથી રિઝર્વ 'અગસ્થ્યમલાઈ' (Agasthyamalai)ની ઘોષણા કરી છે.

- વર્ષ 2018માં નાગાલેન્ડમાં સિંગફન હાથી રિઝર્વને સૂચિત કર્યા પછી દેશનું નવું હાથી રિઝર્વ છે.
- અગસ્થ્યમલાઈ એ તમિલનાડુનું 5મું એલિફન્ટ રિઝર્વ અને બાયોસ્ફિયર રિઝર્વ પણ છે.
- અગસ્થ્યમલાઈ હાથી રિઝર્વને સૂચિત કર્યા પછી વન વિભાગ કેન્દ્રીય પ્રાયોજિત પ્રોજેક્ટ એલિફન્ટ દ્વારા વધારાના ધિરાણ માટે પાત્ર બની શકે છે.

નોંધ : (1) અગસ્થ્યમલાઈ બાયોસ્ફિયર રિઝર્વ એ પશ્ચિમ ઘાટના દક્ષિણ અને સૌથી છેડે આવેલું છે તથા દક્ષિણના બે રાજ્યો કેરળ અને તમિલનાડુમાં ફેલાયેલું છે.

(2) તેનું નામ અગસ્થ્ય માલા શિખર પરથી રાખવામાં આવ્યું છે જે કેરળના તિરુવનંતપુરમમાં દરિયાઈ સપાટીથી લગભગ 1868 મીટરની ઊંચાઈએ છે.

(3) માર્ચ 2016માં તેને યુનેસ્કોના બાયોસ્ફિયર રિઝર્વના વર્લ્ડ નેટવર્કમાં સામેલ કરવામાં આવ્યું હતું.



## ચિનાબ રેલવે બ્રિજના 'ગોલ્ડન જોઈન્ટ'નું ઉદ્ઘાટન




તાજેતરમાં ચિનાબ રેલવે બ્રિજના 'ગોલ્ડન જોઈન્ટ'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

- 'આઝાદી કા અમૃત મહોત્સવ' ઉજવવા માટે તેને રાષ્ટ્રધ્વજથી શણગારવામાં પણ આવ્યો હતો.
- આ પુલ જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં સ્થિત છે.
- તે જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં બક્કલ અને કૌરી વચ્ચે બાંધવામાં આવેલો સ્ટીલ અને કોંક્રીટનો કમાન પુલ છે.
- તે 359 મીટરની ઊંચાઈ પર ચિનાબ નદી પર બનેલ છે. અને વિશ્વનો સૌથી ઊંચો રેલવે પુલ છે.
- આ પુલના બંને છેડા હાઈ સ્ટ્રેન્થ ફ્રિકશન ગ્રિપ (HSFG) બોલ્ટની મદદથી જોડાયેલા છે. તે 'ગોલ્ડ જોઈન્ટ' તરીકે ચિન્હિત થયેલ છે.
- બ્રિઝમાં 93 ડેક સેકશન છે અને દરેક વિભાગનું વજન 85 ટન છે.
- તે ઉધમપુરથી બારામુલા સુધીની 272 કિમી લાંબી રેલવે લાઈનનો એક ભાગ છે જે જમ્મુ કાશ્મીર ખીણ સાથે જોડે છે.
- આ રેલ લિંક પ્રોજેક્ટ 'ઉધમપુર–શ્રીનગર–બારામુલા રેલ લિંક પ્રોજેક્ટ' તરીકે ઓળખાય છે.
- આ બ્રિજના નિર્માણમાં ખાસ પ્રકારના પોલાદનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે માઈનસ 10 ડિગ્રીથી લઈને 40 ડિગ્રી સુધીના તાપમાનને સહન કરવાની અને કોઈપણ પ્રાકૃતિક આપત્તિનો સામનો કરવાની ક્ષમતા ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નાણાકીય નીતિ સમિક્ષા : RBI




તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ તેની મોનેટરી પોલિસી કમિટી (MPC) સમીક્ષામાં રેપો રેટમાં 50 બેઝિસ પોઈન્ટ વધારવાની જાહેરાત કરી હતી.

- દેશમાં સતત વધતો ફુગાવો તેમજ મોંઘવારીને ડામવા માટે આ પગલું લેવામાં આવ્યું હતું.
- રેપો રેટમાં વધારો થતા બેંકો દ્વારા લોકોને આપવામાં આવતી હોમ લોન, કાર લોન અને પર્સનલ લોનના વ્યાજદરમાં પણ વધારો થશે.

## RBIના વર્તમાન દરો

| ક્રમ | ઈન્ડિકેટર્સ | વ્યાજદર (ટકામાં) |
|---|---|---|
| 1 | રેપો રેટ | 5.40 |
| 2 | SDF | 5.15 |
| 3 | MSF | 5.65 |
| 4 | બેંક રેટ | 5.65 |
| 5 | CRR | 4.50 |
| 6 | SLR | 18.00 |
| 7 | રિવર્સ રેપો રેટ | 3.35 |

નોંધ : (1) રિઝર્વ બેંક જે દરે અન્ય બેંકોને ધિરાણ કરે છે તે બેંકને રેપો રેટ કહે છે.

(2) જ્યારે રિઝર્વ બેંક અન્ય બેંકો પાસેથી જે દરે ધિરાણ લે છે તે દરને રિવર્સ રેપો રેટ કહેવામાં આવે છે.

(3) CRRનું પૂરું નામ 'Cash Reserve Ratio' છે.


(4) SLRનું પૂરું નામ 'Statutory Liquidity Ratio' છે.

(5) MSFનું પૂરું નામ 'Marginal Standing Facility' છે.

(6) SDF (Standing Deposit Facility Rat)ને સરપ્લસ લિક્વિડિટી દૂર કરવા અને બેન્કિંગ સિસ્ટમની સમસ્યા ઘટાડવાના સાધન તરીકે જોવામાં આવે છે. તે રિવર્સ રેપો સુવિધાથી અલગ છે કારણ કે તેને ભંડોળ જમા કરાવતી વખતે બેંકોને કોલેટરલ પ્રદાન કરવાની જરૂર નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ક્રિકેટ અમ્પાયર શ્રી રૂડી કોર્ત્ઝનનું નિધન



દક્ષિણ આફ્રિકાના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અમ્પાયર શ્રી રૂડી કોર્ત્ઝનનું 73 વર્ષની વયે એક કાર અકસ્માતમાં નિધન થયું છે.

- શ્રી રૂડી કોર્ત્ઝન વિશ્વના શ્રેષ્ઠ અમ્પાયરમાંના એક ગણાય છે. તે ઘણા વર્ષોથી ICC અમ્પાયરોની એલિટ પેનલમાં સામે હતા.

## શ્રી રૂડી કોર્ત્ઝન

શ્રી રૂડી કોર્ત્ઝનનો જન્મ 26 માર્ચ, 1949ના રોજ દક્ષિણ આફ્રિકાના કેપ પ્રાંતના કનીસના ખાતે થયો હતો.

- તેમનું પૂરું નામ રૂડોલ્ફ એરિક કોર્ત્ઝન છે.
- યુવાવસ્થાથી જ તેઓ ક્રિકેટના શોખીન હતા.
- દક્ષિણ આફ્રિકા રેલવે માટે કલાર્ક તરીકે કામ કરતી વખતે તેઓ લીગ ક્રિકેટ રમ્યા હતા.
- વર્ષ 1981માં તેમણે અમ્પાયરિંગ શરૂ કર્યુ હતું.
- ત્યારબાદ 1992થી વન–ડે અને ટેસ્ટમાં ઈન્ટરનેશનલ ક્રિકેટમાં અમ્પાયર તરીકે પદાર્પણ કર્યુ હતું.
- તેમણે 108 ટેસ્ટ, 209 વન–ડે તથા 14 T-20 ઈન્ટરનેશનલમાં અમ્પાયરિંગ કરવાની સાથે વિમેન્સ T-20 ઈન્ટરનેશનલની એક મેચમાં અમ્પાયર તરીકેની ભૂમિકા અદા કરી હતી.


તલાટી, જૂનિયર કલાર્ક TET-TAT, GPSC 1/2, STI, Dy.SO, Dy.MAMLATDAR, ACO/RFO, ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ, બિનસચિવાલય, PSI, ASI, CONSTABLE તથા વર્ગ - 3 સહિતની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી

English Grammar + vocab

NOW AVAILABLE

વિશેષતાઓ


English Grammarની ઓછા સમયમાં સર્વશ્રેષ્ઠ તૈયારી માટે અત્યંત ઉપયોગી ટુ ધી પોઇન્ટ પરીક્ષાલક્ષી માહિતી.

અંગ્રેજી ગ્રામર તથા VOCAB જેમ કે ANTONYMS, SYNONYMS, IDIOMS & PHRASES ટોપિકનો સમાવેશ.

આ પુસ્તકમાં અંગ્રેજી ગ્રામરના તમામ Chapter અને તેના ટોપિકની રજૂઆત તદ્દન સરળ અને સ્પષ્ટ રીતે કરવામાં આવી છે.

અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નોનો સમાવેશ.

અઘરા શબ્દો (Glossary)ના અંગ્રેજી પર્યાયો સાથેના ગુજરાતી અર્થ.




ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

MRP :- 340+30

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

1. તાજેતરમાં 'અગસ્થ્યમલાઈ' (Agasthyamalai)ને હાથી રિઝર્વ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) તમિલનાડુ (B) કેરળ (C) આસામ (D) ઓડિશા — (A)

2. તાજેતરમાં વિશ્વનો સૌથી ઊંચો રેલવે પુલ એટલે કે ચિનાબ રેલવે બ્રિજના 'ગોલ્ડન જોઈન્ટ'નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. તે કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલું છે ?

(A) ત્રિપુરા (B) મેઘાલય (C) લદ્દાખ (D) જમ્મુ કાશ્મીર — (D)

3. તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ તેની મોનેટરી પોલિસી કમિટી (MPC) સમિક્ષામાં રેટો રેટમાં 50- બેઝિસ પોઈન્ટ વધારાની જાહેરાત કરી હતી. આ સાથે RBIનો વર્તમાન રેપો રેટ ..........છે. (ઓગસ્ટ 2022ની સ્થિતિએ)

(A) 6.40% (B) 5.40% (C) 4.40% (D) 3.40% — (B)

4. RBIનો SDF (Standing Deposit Facility Rate)નો વર્તમાન વ્યાજદર જણાવો ? (ઓગસ્ટ 2022ની સ્થિતિએ)

(A) 5.40% (B) 5.15% (C) 5.65% (D) 4.50% — (B)

5. તાજેતરમાં શ્રી રૂડી કોર્ત્ઝનનું નિધન થયું છે. તેઓ કઈ રમતના ઈન્ટરનેશનલ અમ્પાયરિંગ સાથે સંકળાયેલ હતા ?

(A) ક્રિકેટ (B) ટેનિસ (C) હોકી (D) ફૂટબોલ — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## FIFA અને ભારત




તાજેતરમાં FIFAએ ટોચના વહીવટી સંગઠન 'ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન' (AIFF)ને તૃતીય પક્ષોના અયોગ્ય પ્રભાવ માટે સસ્પેન્ડ કર્યુ હતું.

- આ સાથે FIFAએ ભારત પાસેથી ઓક્ટોબરમાં યોજનારા ફિફા અંડર– 17 મહિલા ફૂટબોલ વર્લ્ડ કપની યજમાની પણ આંચકી લીધી હતી.
- ભારતમાં ફૂટબોલના સંચાલનમાં બિનજરૂરી ત્રીજા પક્ષકારના પ્રભાવને કારણે ફિફાએ આ પગલા ભર્યા હોવાનું જણાવ્યું હતું.
- ત્યારબાદ ભારતે ત્રિજા પક્ષને દૂર કર્યા બાદ FIFAએ આ પ્રતિબંધો હટાવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ફિફા દ્વારા AIFF પર પ્રતિબંધ વિશે

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં 'ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન'ના અધ્યક્ષ શ્રી પ્રફૂલ પટેલ અને તેમની એક્ઝિક્યુટીવ કમિટીને તેમના હોદ્દા પરથી મુક્ત કર્યા હતા.

- અને તમામ કાર્યભારના સંચાલન માટે એક 'કમિટી ઓફ એડમિનિસ્ટ્રેટર્સ' (COA)ની પણ નિમણૂક કરી હતી.
- ફિફાએ આ ઘટનાક્રમને ત્રીજા પક્ષકારની દરમિયાનગીરી માની હતી.
- FIFAના કાયદા મુજબ સભ્ય સંગઠનો તેમના સંબંધિત દેશોમાં કાનૂની અને રાજકીય હસ્તક્ષેપને આધિન ન હોવા જોઈએ.
- તૃતીયપક્ષની દખલગીરી એ એવી પરિસ્થિતિનો ઉલ્લેખ કરે છે જેમાં ફિફા સભ્ય સંગઠન સ્વતંત્ર રહેવામાં નિષ્ફળ જાય છે, તે સહ–પક્ષીય છે અને હવે તે સંસ્થા પર નિયંત્રણ નથી.
- ભારતના કિસ્સામાં સુપ્રીમ કોર્ટે COAને AIFFને તૃતીયપક્ષની દખલગીરીના કેસ તરીકે ચલાવવાનો નિર્દેશ આપ્યો હતો.

## પ્રતિબંધ ક્યારે હટાવવામાં આવ્યો ?

સુપ્રીમ કોર્ટ દ્વારા નિમણૂક પામેલી કમિટીને હટાવ્યા બાદ FIFAએ ભારત પરના તમામ પ્રતિબંધો હટાવ્યા હતા.

- આથી આગામી સમયમાં ભારતમાં યોજનાર ફિફા અંડર– 17 મહિલા ફૂટબોલ વર્લ્ડ કપનું આયોજન પણ સમય મુજબ થશે.
- તથા તમામ આંતરરાષ્ટ્રીય ફૂટબોલ મેચમાં પણ ભારત ભાગ લઈ શકશે.

## FIFA

FIFAનું પૂરું નામ 'Federation International de Football Association' છે.

- FIFA એ ફૂટબોલ, ફૂટસલ (Futsal), અને બીચ સોકર (Beach Soccer)નું આંતરરાષ્ટ્રીય સંચાલક મંડળ છે.
- વૈશ્વિક સ્તરે ફૂટબોલ, ફૂટલસ અને બીચ સોકરનું સંચાલન FIFA દ્વારા થાય છે.
- FIFAનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના ઝુરિચ ખાતે આવેલું છે.
- તેના વર્તમાન (ઓગસ્ટ, 2022ની સ્થિતિએ) અધ્યક્ષ શ્રી જિયાની ઈન્ફન્ટિનો છે.

# રાજકોટ ખાતે નવનિર્મિત 'રામ વન'નું લોકાર્પણ

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા આજી ડેમ નજીક 47 એકર જમીનમાં અંદાજિત રૂ. 13.77 કરોડના ખર્ચે નવનિર્મિત 'રામ વન'– ધ અર્બન ફોરેસ્ટનું લોકાર્પણ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

- તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભગવાન શ્રી રામની પ્રતિમાને વંદન કરીને રામવનનું વિહંગાવલોકન કર્યું હતું.
- આ ઉપરાંત રાજકોટમાં 23 ઈલેક્ટ્રિક બસો અને તેના ચાર્જિંગ સ્ટેશનનું લોકાર્પણ કરીને બસોને લીલી ઝંડી આપી હતી.

## રામવન

13.77 કરોડના ખર્ચે 47 એકરમાં રામવનનું નિર્માણ કરવામાં આવ્યું છે.

- રામવનનો મુખ્ય દરવાજો ધનુષબાણ આકારનો છે અને ભગવાન શ્રી રામના જીવન કથાને જીવંત કરવાનો પ્રયત્ન કરાયો છે.
- આ ઉપરાંત રામવનમાં રામ સેતુ બ્રિજ, કુદરતી પાણીના સ્ત્રોતનું નવીનીકરણ, ચિલ્ડ્રન પ્લે–ગ્રાઉન્ડ, 150ની કેપેસિટીનું એમ્ફીથિયેટર, રાશિવન તથા અન્ય આકર્ષણો વિકસાવવામાં આવ્યા છે.
- ભગવાન શ્રી રામની 30 ફૂટની પ્રતિમા પણ મુકવામાં આવી છે.
- તથા રામવનમાં રૂ. 1.61 કરોડના ખર્ચે ભગવાન શ્રી રામના જીવન આધારિત જુદી જુદી 22 પ્રતિકૃતિ મુકવામાં આવેલ છે.
- 25 જેટલા બ્લોકમાં પ્લાન્ટેશન કરવામાં આવ્યું છે. જેમાં 2 બ્લોકમાં મીયાવાકી થીમ બેઈઝ પર પ્લાન્ટેશન (વૃક્ષારોપણ) કરવામાં આવ્યું છે.

**નોંધ :** (1) વર્ષ 2022માં રાજકોટમાં ગુજરાતનું 20મું સાંસ્કૃતિક વન 'રામ વન'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

(2) ભારતમાં ઉત્તરપ્રદેશના અયોધ્યા ખાતે નિર્માણ પામનાર ભવ્ય શ્રી રામ મંદિરનો શિલાયાન્સ 5 ઓગસ્ટ, 2020ના રોજ થયો હતો.

(2) આથી, શ્રી રામ મંદિરના શિલાયન્સની સ્મૃતિ ઈતિહાસમાં સચવાઈ રહે તે માટે રાજકોટ ખાતે નિર્માણ પામેલા આ વનને 'રામ વન' નામ આપવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**1.** તાજેતરમાં FIFAએ કયા દેશના ફૂટબોલ ફેડરેશનને તૃતીય પક્ષની દરમિયાનગીરીના કારણે સસ્પેન્ડ કર્યુ હતું ?

(A) ભારત (B) બ્રિટન (C) પોલેન્ડ (D) બાંગ્લાદેશ **(A)**

---

**2.** તાજેતરમાં ચર્ચામાં રહેલ FIFA સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'Federation International de Football Association' છે.
2. FIFA એ ફૂટબોલ, ફૂટસલ અને બીચ સોકરનું આંતરરાષ્ટ્રીય સંચાલક મંડળ છે.
3. તેનું વડુંમથક સ્વિત્ઝર્લેન્ડના ઝુરિચ ખાતે આવેલું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

---

**3.** તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કયા જિલ્લામાં 47 એકર જમીનમાં અંદાજિત રૂ. 13.77 કરોડના ખર્ચે નવનિર્મિત 'રામવન'નું લોકાપર્ણ કર્યુ હતું ?

(A) અમદાવાદ (B) રાજકોટ (C) ગાંધીનગર (D) ભાવનગર **(B)**

## દિવસ મહિમા : 19 ઓગસ્ટ, (1) વિશ્વ ફોટોગ્રાફી દિવસ (World Photography Day)
## (2) વિશ્વ માનવતા દિવસ (World Humanitarian Day)

### વિશ્વ માનવતા દિવસ




સમગ્ર વિશ્વમાં માનવતાવાદી વિચારસરણીનો વ્યાપ વધારવા માટે તેમજ માનવતાવાદી કાર્યોને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 19 ઓગસ્ટના રોજ 'વિશ્વ માનવતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો હેતુ માનવતાવાદી કાર્યો કરનાર લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો પણ છે.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા વર્ષ 2008માં આ દિવસની ઉજવણી માટે મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ 19 ઓગસ્ટ, 2009થી દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2022ની વિશ્વ માનવતા દિવસની થીમ 'It Takes a Village' છે.

## પાલન 1000 રાષ્ટ્રીય અભિયાન (Paalan 1000 National Campaign)

16 ઓગસ્ટ, 2022ના રોજ 'પાલન 1000 રાષ્ટ્રીય અભિયાન' શરૂ કરવામાં આવ્યું હતું.

- કેન્દ્રીય આરોગ્ય રાજ્યમંત્રી સુશ્રી ભારતી પ્રવીણ પવારએ આ અભિયાન વર્ચ્યુઅલ મોડમાં લોન્ચ કર્યુ હતું.
- આ પ્રસંગે પેરેન્ટિંગ એપ્લિકેશનનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું. જે મુખ્યત્વે પ્રથમ બે વર્ષમાં બાળકોના વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરે છે.
- કેન્દ્રીય આરોગ્ય રાજ્યમંત્રીના જણાવ્યા અનુસાર ભારતે 2014થી બાળ મૃત્યુદર ઘટાડવા માટે ઝડપી પગલાં લીધા છે.
- પરિણામે બાળ મૃત્યુદર વર્ષ 2014માં 45 પ્રતિ 1000 જીવંત જન્મોની સરખામણીએ વર્ષ 2019માં ઘટીને 35 પ્રતિ 1000 જીવંત જન્મ થયો છે.
- આ અભિયાન એટલા માટે શરૂ કરવામાં આવ્યું છે કારણ કે પ્રથમ 1000 દિવસ બાળકના શારીરિક, ભાવનાત્મક, માનસિક, જ્ઞાનાત્મક અને સામાજિક સ્વાથ્ય માટે મજબૂત પાયાનું કામ કરે છે.
- 'Paalan 1000 Journey of the First 1000 Day's'માં પરિવારો, માતા–પિતા અને સંભાળ રાખનારાઓ તેમજ પરિવારોની મૂળભૂત જરૂરિયાતોને પૂરી કરતી સેવાઓ માટે શરૂઆતના વર્ષોની તાલીમનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પેરેન્ટિંગ એપ્લિકેશન

પેરેન્ટિંગ એપ્લિકેશન **'Early Childhood Development Conclave'** ખાતે શરૂ કરવામાં આવી હતી.

- જે સંભાળ રાખનારાઓને તેઓ રોજિંદા દિન ચર્યામાં શું કરી શકે તે વિશે વ્યવહારુ સલાહ પ્રદાન કરી શકે.
- તે માતા પિતાની ઘણી શંકાઓને દૂર કરવામાં પણ મદદ કરશે.

**નોંધ :** બાળ મૃત્યુદરને જન્મથી 5 વર્ષની વય વચ્ચેના બાળકોના મૃત્યુની સંભાવના તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. તે 1000 જીવંત જન્મ દીઠ વ્યક્ત કરવામાં આવે છે.

## બિહારના મુખ્યમંત્રી તરીકે શ્રી નીતિશ કુમારના રેકોર્ડ આઠમી વખત શપથ



જનતાદળ યુનાઈટેડના નેતા શ્રી નીતિશ કુમારે તાજેતરમાં આઠમીવાર બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે.

- તથા રાષ્ટ્રીય જનતાદળ (RJD)ના નેતા શ્રી તેજસ્વી યાદવે નાયબ મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે.

## શા માટે નીતિશ કુમાર ફરી મંખ્યમંત્રી બન્યા ?

વર્ષ 2020માં બિહાર વિધાનસભાની ચૂંટણી બાદ BJP, JD(U) અને અન્ય પક્ષોના ગંઠબંધનવાળી NDA (National Democratic Alliance)ની નવી સરકારની રચના થઈ હતી.

- જે અંતર્ગત જનતાદળ યુનાઈટેડ (JD(U))ના નેતા શ્રી નીતિશ કુમારે બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.
- ત્યારબાદ ઓગસ્ટ 2022માં એટલે કે તાજેતરમાં શ્રી નીતિશ કુમારે ભાજપ સાથે જોડાણ તોડી નાખ્યું હતું.
- અને NDAમાંથી તેમની પાર્ટી પાછી ખેંચી રાજીનામું આપ્યું હતું.
- ત્યારબાદ તેમણે જાહેરાત કરી હતી કે તેમનો પક્ષ ફરીથી મહાગઠબંધનમાં જોડાયો છે, જેમાં RJD, INC અને CPI તથા અન્ય અપક્ષોનો સમાવેશ થાય છે.
- આ નવી ગઠબંધનવાળી સરકારના નવા મુખ્યમંત્રી તરીકે 10 ઓગસ્ટ, 2022ના રોજ નીતિશ કુમારે શપથ લીધા છે.

## બિહારની 2020ની વિધાનસભાની ચૂંટણી વિશે

ઓક્ટોબર–નવેમ્બર 2020 દરમિયાન બિહારમાં 17મી વિધાનસભાની ચૂંટણીનું આયોજન થયું હતું.

- જેમાં 243 વિધાનસભા સીટો માટે ત્રણ તબક્કામાં મતદાન થયું હતું.
- જેમાં શ્રી તેજસ્વી યાદવના નેતૃત્વવાળા રાષ્ટ્રીય જનતા દળ (RJD)ને સૌથી વધુ 75 સીટો મળી હતી (વર્તમાન તેમની પાસે 79 સીટ છે)
- RJD બાદ ભારતીય જનતા પાર્ટી (BJP)ને 74 (વર્તમાન 76 સીટ) અને ત્રીજા ક્રમે જનતા દળ યુનાઈટેડને 43 સીટ (વર્તમાન 45 સીટ) મેળવી હતી.
- વર્ષ 2020માં બિહારમાં યોજાયેલી આ ચૂંટણીમાં સરકાર રચવા માટે જરૂરી 122 સીટો કોઈ એક પક્ષને મળી ન હતી.

નોંધ : (1) બિહારના વર્તમાન રાજ્યપાલ શ્રી ફાગુ ચૌહાણ છે.

(2) બિહારના પ્રથમ નાયબ મુખ્યમંત્રી સુશ્રી રેણુદેવી હતા તથા બિહારના પ્રથમ મુખ્યમંત્રી સુશ્રી રાબડી દેવી હતા.

(3) ભારતીય બંધારણના અનુચ્છેદ 164(3) મુજબ રાજ્યપાલ દ્વારા મુખ્યમંત્રીને શપથ અપાવવામાં આવે છે.

(4) ભારતીય બંધારણમાં નાયબ મુખ્યમંત્રી પદની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. માત્ર વહીવટી સરળતા માટે જ રાજ્યમાં નાયબ મુખ્યમંત્રીનું પદ હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દેશનું પ્રથમ 'હર ઘર પાણી' રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 19 ઓગસ્ટ, 2022ના રોજ ગોવામાં આયોજિત 'હર ઘર જલ ઉત્સવ'ને સંબોધિત કર્યું હતું.

- જળ જિવન મિશન અંતર્ગત હર ઘર ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ પ્રસંગે પાણીના બિલ માટે QR કોડ પેમેન્ટ સિસ્ટમનું પણ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

## હર ઘર જળ પ્રમાણપત્ર મેળવનાર પ્રથમ કેન્દ્રશાસિત પ્રદેશ અને રાજ્ય

તાજેતરમાં <u>દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ</u> ભારતમાં **<u>100%</u>** <u>'હર ઘર જલ'</u> પ્રમાણપત્ર મેળવનાર <u>પ્રથમ કેન્દ્રશાસિત પ્રદેશ</u> બન્યો છે.

- જ્યારે <u>ગોવા</u> પ્રથમ <u>'હર ઘર જળ'</u> પ્રમાણિત રાજ્ય છે.
- ગોવા રાજ્ય અને દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશના તમામ ગામોમાં પોતાને 'હર ઘર જળ' ગામ તરીકે જાહેર કર્યા છે, તે ગ્રામસભા દ્વારા પસાર કરાયેલા ઠરાવનો ઉપયોગ કરીને જાહેર કરવામાં આવ્યા છે.
- ગોવામાં તમામ <u>2 લાખ 63 હજાર</u> ગ્રામીણ પરિવારો તથા દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવમાં <u>85 હજાર</u>થી વધુ પરિવારો હવે નળ દ્વારા સ્વચ્છ અને સુરક્ષિત પીવાનું પાણી મેળવી રહ્યા છે.
- તમામ શાળાઓ, જાહેર સંસ્થાઓ જેમ કે ગ્રામ પંચાયતની ઈમારતો, સામુદાયિક કેન્દ્રો, આરોગ્ય કેન્દ્રો, આંગળવાડી કેન્દ્રો અને અન્ય સરકારી કચેરીઓમાં પીવાનું પાણી ઉપલબ્ધ છે.

**નોંધ :** (1) વર્ષ <u>2019</u>માં શરૂ કરાયેલ <u>જળ જીવન મિશન</u> <u>વર્ષ 2024</u> સુધીમાં 'ફંકશન હાઉસહોલ્ડ ટેપ કનેક્શન્સ' (FHTC) દ્વારા દરેક ગ્રામીણ પરિવારને પ્રતિ વ્યક્તિ 55 લીટર પાણી પૂરું પાડવાની કલ્પના કરે છે.

(2) જળ જીવન મિશનનો ઉદ્દેશ્ય પાણીને એક ચળવળ તરીકે વિકસાવવાનો છે, જેથી તેને લોકોની પ્રથમિકતા બનાવી શકાય.

(3) આ મિશન ભારત સરકારના <u>'જળ શક્તિ મંત્રાલય'</u> હેઠળ લાગુ કરવામાં આવી રહ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**1.** ‘વિશ્વ ફોટોગ્રાફી દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 17 ઓગસ્ટ (B) 18 ઓગસ્ટ (C) 19 ઓગસ્ટ (D) 20 ઓગસ્ટ **(C)**

**2.** ‘વિશ્વ માનવતા દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 17 ઓગસ્ટ (B) 18 ઓગસ્ટ (C) 19 ઓગસ્ટ (D) 20 ઓગસ્ટ **(C)**

**3.** ‘પાલન 1000 રાષ્ટ્રીય અભિયાન’ (Paalan 1000 National Campaign) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ અભિયાન પ્રથમ 1000 દિવસ બાળકના શારીરિક, ભાવનાત્મક, માનસિક, જ્ઞાનાત્મક અને સામાજિક સ્વાસ્થ્ય માટે મજબૂત પાયાનું કામ કરે છે.

(B) 'Paalan 1000 Journey of the First 1000 Day's'માં પરિવારો, માતા–પિતા અને સંભાળ રાખનારાઓની મૂળભૂત જરૂરિયાતોને પૂરી કરતી સેવાઓ માટે શરૂઆતના વર્ષોની તાલીમનો સમાવેશ થાય છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**4.** તાજેતરમાં બિહારના મુખ્યમંત્રી તરીકે શ્રી નીતિશ કુમારે કેટલામી વખત શપથ લીધા છે ?

(A) આઠમી (B) સાતમી (C) છઠ્ઠી (D) પાંચમી **(A)**

**5.** ‘હર ઘર જળ’ પ્રમાણપત્ર મેળવનાર દેશનો પ્રથમ કેન્દ્રશાસિત પ્રદેશ કયો છે ?

(A) આંદામાન અને નિકોબાર ટાપુઓ (B) દાદરા અને નગર હવેલી અને દીવ અને દમણ

(C) જમ્મુ અને કાશ્મીર (D) ચંદીગઢ **(B)**

**6.** નીચેના પૈકી કયું રાજ્ય ‘હર ઘર જળ’ પ્રમાણિત કરનાર પ્રથમ રાજ્ય બન્યું હતું ?

(A) ગોવા (B) કેરળ (C) ઓડિશા (D) મહારાષ્ટ્ર **(A)**

**દિવસ મહિમા : 20 ઓગસ્ટ, (1) સદ્ભાવના દિવસ (શ્રી રાજીવ ગાંધી જન્મદિન)**
**(2) ભારતીય અક્ષય ઊર્જા દિવસ (Indian Akshay Urja Day)**
**(3) વિશ્વ મચ્છર દિવસ (World Mosquito Day)**

## વિશ્વ મચ્છર દિવસ




મચ્છરજન્ય રોગ અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 20 ઓગસ્ટના રોજ 'વિશ્વ મચ્છર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- બ્રિટનના રોનાલ્ડ રોસ નામના એક ડોક્ટરે ભારતમાં કોલકત્તાની પ્રેસિડેન્સી જનરલ હોસ્પિટલમાં કામ કરતી વખતે 20 ઓગસ્ટ, 1987ના રોજ મેલેરિયાનું કારણ એનાફિલિસ મચ્છર હોવાનું શોધી કાઢ્યું હતું.
- આથી, આ દિવસની યાદમાં સમગ્ર વિશ્વમાં દર વર્ષે 20 ઓગસ્ટ 'વિશ્વ મચ્છર દિવસ' તરીકે ઉજવાય છે.
- વર્ષ 2022ની વિશ્વ મચ્છર દિવસની થીમ 'Harness Innovation to Reduce the Malaria Disease Burden and Save Lives' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

### મચ્છરોથી થતી બિમારીઓ

| બિમારી | કયું મચ્છર કરડવાથી ? |
|---|---|
| મેલેરિયા | માદા એનાફિલિસ |
| ઈન્સેફેલાઈટિસ | ક્યુલેક્સ |
| ડેન્ગ્યુ | એડિસ |
| ચિકનગુનિયા | એડિસ |
| યલો ફિવર | એડિસ |
| ફાઈલેરિયા | એડિસ અને ક્યુલેક્સ |

**નોંધ :** ભારત સરકારે વર્ષ 2030 સુધીમાં ભારતને 'મેલેરિયા મુક્ત' બનાવવાની યોજના હાથ ધરી છે.

## મંડલા ભારતનો પ્રથમ 'કાર્યાત્મક રીતે સાક્ષર' જિલ્લો બન્યો



મધ્યપ્રદેશનો આદિવાસી પ્રભૂત્વ ધરાવતો મંડલા જિલ્લો ભારતનો પ્રથમ 'કાર્યાત્મક રીતે સાક્ષર' (Functionally Literate) જિલ્લો બન્યો છે.

- 2011ના સર્વેક્ષણ દરમિયાન મંડલા જિલ્લામાં સાક્ષરતા દર 68% હતો.
- વર્ષ 2020ના અન્ય અહેવાલમાં પ્રકાશિત કરવામાં આવ્યું હતુ કે આ જિલ્લામાં 2.25 લાખથી વધુ લોકો સાક્ષર નથી, જેમાંથી મોટાભાગના જંગલ વિસ્તારના આદિવાસીઓ છે.
- આદિવાસીઓ વારંવાર સત્તાધીશોને ફરિયાદ કરતા હતા કે તેઓ છેતરપિંડીનો સામનો કરી રહ્યા છે. તેનું મુખ્ય કારણ એ હતું કે આદિવાસીઓ કાર્યાત્મક રીતે સાક્ષર ન હતા.
- લોકોને કાર્યાત્મક રીતે સાક્ષર બનાવવા માટે મહિલાઓ અને વરિષ્ટ નાગરિકોને શિક્ષિત કરવા માટે શાળા શિક્ષણ વિભાગ, આંગણવાડી અને સામાજિક કાર્યકર્તાઓ, મહિલા અને બાળ વિકાસ વિભાગના સહયોગથી સ્વતંત્રતા દિવસ 2020 પર એક મોટું અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.
- આ અભિયાનથી બે વર્ષમાં સમગ્ર જિલ્લો કાર્યાત્મક રીતે સાક્ષર જિલ્લો બની ગયો છે.
- મંડલા આ સ્થાને પહોંચનાર ભારતનો પ્રથમ જિલ્લો છે, જ્યાં દરેક વ્યક્તિ પોતાના નામ લખી, વાંચી અને ગણી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### કાર્યાત્મક સાક્ષરતા

કાર્યાત્મક સાક્ષરતામાં વાંચન અને લેખન કૌશલ્યનો સમાવેશ થાય છે. જે રોજિંદા જીવન અને રોજગાર કાર્યોના સંચાલન માટે જરૂરી છે.

- આવા કાર્યો માટે મૂળભૂત સ્તરની બહાર વાંચન કુશળતા જરૂરી છે.
- જ્યારે વ્યક્તિ પોતાનું નામ લખવા, ગણવા અને હિન્દીમાં અથવા મુખ્ય ભાષા સિવાયની અન્ય ભાષામાં વાંચવા અને લખવા સક્ષમ હોય ત્યારે, તેને 'કાર્યાત્મક રીતે સાક્ષર' કહેવામાં આવે છે.

**1.** ભારતમાં 'સદ્ભાવના દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 ઓગસ્ટ (B) 19 ઓગસ્ટ (C) 20 ઓગસ્ટ (D) 21 ઓગસ્ટ

(C)

**2.** ભારતમાં કોનો જન્મ દિન 'સદ્ભાવના દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રીમતી ઈન્દિરા ગાંધી (B) શ્રી રાજીવ ગાંધી

(C) શ્રી અટલ બિહારી વાજપેઈ (D) શ્રી રવિન્દ્રનાથ ટાગોર

(B)

**3.** 'ભારતીય અક્ષય ઊર્જા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 ઓગસ્ટ (B) 19 ઓગસ્ટ (C) 20 ઓગસ્ટ (D) 21 ઓગસ્ટ

(C)

**4.** 'વિશ્વ મચ્છર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 ઓગસ્ટ (B) 19 ઓગસ્ટ (C) 20 ઓગસ્ટ (D) 21 ઓગસ્ટ

(C)

**5.** તાજેતરમાં મધ્યપ્રદેશનો કયો જિલ્લો ભારતનો પ્રથમ 'કાર્યાત્મક રીતે સાક્ષર' જિલ્લો બન્યો છે ?

(A) મંડલા (B) ભોપાલ (C) ગ્વાલિયર (D) ઈન્દોર

(A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **CWG 2022માં મેડલ જીતનાર ગુજરાતના ખેલાડીઓને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખેલ પ્રતિભા પુરસ્કાર અર્પણ કર્યો**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કોમનવેલ્થ ગેમ્સ 2022માં વિવિધ રમતોમાં મેડલ્સ પ્રાપ્ત કરી ભારત અને ગુજરાતનું વિશ્વમાં ગૌરવ વધારનારા ખેલાડીઓને ગાંધીનગરમાં કુલ 80 લાખ રૂપિયાના ખેલ પ્રતિભા પુરસ્કાર અર્પણ કરી સન્માનિત કર્યા હતા. રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક બાબતોના વિભાગ દ્વારા ગાંધીનગરમાં આ વિજેતા ખેલાડીઓના સન્માનનો ગૌરવશાળી સમારોહ યોજવામાં આવ્યો હતો. કોમનવેલ્થ ગેમ્સ 2022માં ટેબલ ટેનિસ રમતમાં ટિમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ વિનર ગુજરાતના ખેલાડી શ્રી હરમિત દેસાઈને રૂ. 35 લાખનો ખેલ પ્રતિભા પુરસ્કાર એનાયત કર્યો હતો. તથા પેરા ટેબલ ટેનિસમાં સિંગલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત સુશ્રી ભાવિના બેન પટેલને રૂ. 25 લાખ અને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત દિવ્યાંગ ખેલાડી સુશ્રી સોનલ પટેલને રૂ. 10 લાખની પુરસ્કાર રકમના ચેક અર્પણ કર્યા હતા. આ ઉપરાંત કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ગુજરાતના બે પ્રતિભાવંત મહિલા ક્રિકેટર સુશ્રી યાશિકા ભાટિયા અને સુશ્રી રાધા યાદવ બંનેને પાંચ લાખ રૂપિયાના ખેલ પ્રતિભા પુરસ્કાર અર્પણ કર્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત

➤ **75મું રાષ્ટ્રીય સ્થળ : પાદાંગ**

સિંગાપોરમાં 9 ઓગસ્ટ, 2022ના રોજ નેતાજી સુભાષ ચંદ્ર બોઝ સાથે સંકળાયેલ સ્થળ પાદાંગને 75મું રાષ્ટ્રીય સ્થળ જાહેર કરવામાં આવ્યું છે. પાદાંગથી નેતાજી સુભાષ ચંદ્ર બોઝે જુલાઈ, 1943માં 'દિલ્હી ચલો'નું સુત્ર આપ્યું હતું. સિંગાપોરે 9 ઓગસ્ટ, 2022ના રોજ તેનો 57મો રાષ્ટ્રીય દિવસ ઉજવયો હતો. સિંગાપોરના નેશનલ હેરિટેજ બોર્ડે એક રિલીઝમાં જણાવ્યું હતું કે તેના મજબૂત રાષ્ટ્રીય, ઐતિહાસિક અને સામાજિક મહત્વને કારણે પાદાંગને સાઈટ્સ કન્ઝર્વેશન એક્ટ હેઠળ ઉચ્ચ સ્તરનું રક્ષણ આપવામાં આવશે. સિંગાપોરમાં રહેતા ભારતીય સમુદાય માટે પાદાંગનું વિશેષ મહત્વ છે. અહીં ભારતીય સૈનિકોએ પોતાનો પહેલો કેમ્પ સ્થાપયો હતો. આ સ્થળેથી નેતાજીએ આઝાદ હિંદ ફોજના હજારો સૈનિકોને અનેકવાર સંબોધિત કર્યા હતા. યુદ્ધ પછી નેતાજીએ પાદાંગની દક્ષિણમાં આઝાદ હિંદ ફોઝ સ્મારકની સ્થાપના કરી હતી.

➤ **1082 જવાનોને રાષ્ટ્રપતિ પોલીસ મેડલ એનાયત**

સ્વતંત્રતા દિવસ 2022ના અવસર પર 1082 પોલીસ કર્મચારીઓને 'પોલીસ મેડલ' મળ્યો હતો. જેમાંથી 347 જવાનોને શૌર્ય માટે પોલીસ મેડલ, 87ને વિશિષ્ટ સેવા માટે પોલીસ મેડલ તથા 648 જવાનોને સરાહનીય (પ્રશંસાપત્ર)સેવા બદલ પોલીસ મેડલ મળ્યા હતા. આ વર્ષે જમ્મુ અને કાશ્મીરના 109 CRPF જવાન અને 108 પોલીસ કર્મચારીઓને વીરતા માટે પોલીસ મેડલ મળ્યો છે. આ ઉપરાંત 7 કર્મચારી ઓને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ સુધારણા સેવા મેડલ અને 38 કર્મચારીઓને સરાહનીય સેવા માટે સુધાર સેવા મેડલ મળ્યો હતો. 'રાષ્ટ્રપતિ પોલીસ મેડલ' ભારતમાં કાયદા અમલીકરણના સભ્યોને એનાયત કરવામાં આવે છે. આ પુરસ્કાર 1 માર્ચ, 1951ના રોજ સ્થાપિત કરવામાં આવ્યો હતો. તથા વીરતા માટે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ 'જીવન અને સંપતિ બચાવવામાં અથવા અપરાધ અટકાવવા અથવા ગુનેગારોની ધરપકડ કરવામાં બહાદુરી' માટે આપવામાં આવે છે. જ્યારે 'વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ' પોલીસ સેવા અથવા કેન્દ્રીય પોલીસ અને સુરક્ષા સંસ્થાઓમાં ઓછામાં ઓછા 21 વર્ષ સુધી સેવા આપી હોય તેવા કર્મચારીઓને 'લાંબી અને વિશિષ્ટ સેવા' માટે આપવામાં આવે છે.

➤ **SBIએ સ્ટાર્ટઅપ્સને ટેકો આપવા માટે પ્રથમ સમર્પિત શાખા શરૂ કરી**

16 ઓગસ્ટ, 2022ના રોજ 'સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા' (SBI)એ સ્ટાર્ટઅપ્સને સુવિધા આપવા અને સમર્થન આપવા માટે પ્રથમ 'અત્યાધુનિક' સમર્પિત શાખા શરૂ કરી છે. આ શાખા કોરમંગલા, બેંગ્લોર ખાતે આવેલી છે. SBIના ચેરમેન શ્રી દિનેશ ખારા દ્વારા તેનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ શાખા સ્ટાર્ટ–અપ્સને એન્ડ–ટુ–એન્ડ સેવાઓ પ્રદાન કરશે અને સ્ટાર્ટઅપ ક્ષમતામાં વધારો કરશે. તેની આગામી શાખા ગુરુગ્રામમાં ખુલશે જ્યારે ત્રીજી શાખા હૈદરાબાદમાં ખુલશે. તે એક હબ તરીકે કામ કરશે જ્યાં બહુવિધ હિસ્સેદારો સ્ટાર્ટ–અપ્સને એન્ડ–ટુ–એન્ડ નાણકીય અને સલાહકારી સેવાઓ પ્રદાન કરવા સક્ષમ બનાવવા માટે ઉકેલો પ્રદાન કરવામાં મદદ કરશે.

➤ **VLC મીડિયા પ્લેયર પર પ્રતિબંધો**

વીડિયોલેન ક્લાયંટ (VLC) મીડિયા પ્લેયર વેબસાઈટ ભારતમાં પ્રતિબંધિત કરવામાં આવી છે. VLCએ ભારતમાં 90ના દાયકાના અંતમાં લોકપ્રિયતા મેળવી હતી. ફ્રી અને ઓપન સોર્સ હોવા ઉપરાંત VLC સરળતાથી અન્ય પ્લેટફોર્મ્સ અને સ્ટ્રીમિંગ સેવાઓ સાથે એકીકૃત થાય છે અને વધારાના કોડેકની જરૂર વગર તમામ ફાઈલ ફોર્મેટને સપોર્ટ કરે છે. VLC વેબસાઈટ પર પ્રતિબંધને લઈને નાગરિક સમાજ સંગઠનોએ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeiY) પાસે ઘણી વખત RTI અરજીઓ દાખલ કરી હતી.

JOIN WHATSAPP GROUP / joinicerajkot.com

➤ **17મો પ્રવાસી ભારતીય દિવસ 2023**

17મા પ્રવાસી ભારતીય દિવસનું આયોજન જાન્યુઆરી, 2023માં ઈન્દોરમાં કરવામાં આવશે. ઈન્દોરમાં આ કોન્ફરન્સ અથવા આયોજનને લગતી તમામ તૈયારીઓ સમયસર પૂર્ણ કરવામાં આવશે. જેથી આ કોન્ફરન્સનું આયોજન સારી રીતે થાય. આ કોન્ફરન્સ દરમિયાન ઈન્દોરને સંપૂર્ણ રીતે સજાવવામાં આવશે. પ્રવાસી ભારતીય દિવસ દર વર્ષે 9 જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવે છે.

## વિશ્વ

➤ **WHOએ મંકીપોક્સ વેરિઅન્ટને નામ આપ્યું**

તાજેતરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ મંકીપોક્સ વાયરસના વેરિઅન્ટને નામ આપ્યું છે. કોઈપણ સાંસ્કૃતિક અથવા સામાજિક અપરાધને ટાળવા માટે આ કરવામાં આવ્યું હતું. મંકીપોક્સ વેરિઅન્ટનું નામ બદલીને 'ક્લેડ્સ I, IIa અને IIb' કરવામાં આવ્યું છે. જાણીતા અને નવા મંકીપોક્સ વાયરસના પ્રકારો અથવા ક્લેડની ફિલોજેની અને નામકરણની પોક્સ વાઈરોલોજીના નિષ્ણાતો અને વિશ્વભરની સંશોધન સંસ્થાઓના પ્રતિનિધિઓ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી. ભૂતપૂર્વ કોંગો બેસિન (મધ્ય આફ્રિકન) ક્લેડનું નામ બદલીને ક્લેડ વન (I) કરવામાં આવ્યું છે, જ્યારે ભૂતપૂર્વ પશ્ચિમ આફ્રિકન ક્લેડનું નામ બદલીને ક્લેડ ટુ (II) કરવામાં આવ્યું છે.

➤ **પીરિયડ પ્રોવર્ટી**

સ્કોટલેન્ડ વિશ્વનું પ્રથમ રાષ્ટ્ર બન્યુ છે જેણે પીરિયડ પ્રોડક્ટ્સ એક્ટ પસાર કરીને ફ્રી પીરિયડ પ્રોડક્ટ્સ એક્સેસ કરવાના અને પીરિયડ પ્રોડક્ટ્સ બધા માટે મફત બનાવવાના અધિકારનું કાયદેસર રીતે રક્ષણ કર્યુ છે. પીરિયડ પ્રોવર્ટી ત્યારે થાય છે જ્યારે ઓછી આવક ધરાવતા લોકો જરૂરી સમયગાળાની પ્રોડક્ટો જેમ કે ટેમ્પન, સેનિટરી પેડ્સ વગેરે પરવડી શકતા નથી અથવા તેને એક્સેસ કરી શકતા નથી. પીરિયડ્સ પ્રોડક્ટ એક્ટ હેઠળ શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓ તેમજ સ્થાનિક સરકારી સંસ્થાઓને તેમના બાથરૂમમાં વિવિધ પીરિયડ પ્રોડક્ટ મફતમાં પ્રદાન કરવી આવશ્યક છે.

➤ **Vostok- 2022 Military Exercise**

ચીનના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર ચીનની પીપલ્સ લિબેરેશન આર્મી 'વોસ્ટોક 2022 સ્ટ્રેટેજિક કમાન્ડ એન્ડ સ્ટાફ એક્સરસાઈઝ' (રશિયામાં)માં ભાગ લેશે. આ કવાયતમાં ભારત તાજિકિસ્તાન, મંગોલિયા અને બેલારૂસની સેનાઓ પણ ભાગ લેશે. આ અભ્યાસ 30 ઓગસ્ટથી 5 સપ્ટેમ્બર, 2022 દરમિયાન હાથ ધરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

- તાજેતરમાં .........માં મેડલ જીતનાર ગુજરાતના ખેલાડીઓને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખેલ પ્રતિભા પુરસ્કાર અર્પણ કર્યા હતા. – કોમનવેલ્થ ગેમ્સ, 2022
- નેતાજી સુભાષ ચંદ્ર બોઝ સાથે સંકળાયેલ સ્થળ પાદાંગને 75મું રાષ્ટ્રીય સ્થળ જાહેર કરવામાં આવ્યું છે. તે કયા દેશમાં સ્થિત છે ? – સિંગાપોર
- તાજેતરમાં કેટલા જવાનોને રાષ્ટ્રપતિ પોલીસ મેડલ એનાયત થયો છે ? – 1082
- મંકીપોક્સ વાયરસના વેરિઅન્ટનું નામ બદલીને નવું નામ શું રાખવામાં આવ્યું છે ? – ક્લેડ્સ I, IIa અને IIb
- કયો દેશ વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે જેણે પીરિયડ પ્રોડક્ટ્સ એક્ટ પસાર કરીને ફ્રી પીરિયડ પ્રોડક્ટ્સ એક્સેસ કરવાના અને પીરિયડ પ્રોડક્ટ્સ બધા માટે મફત બનાવવાના અધિકારનું કાયદેસર રીતે રક્ષણ કર્યુ છે ? – સ્કોટલેન્ડ
- .........એ તાજેતરમાં સ્ટાર્ટઅપ્સને ટેકો આપવા માટે પ્રથમ સમર્પિત શાખા શરૂ કરી છે. – SBI
- Vostok- 2022 Military Exercise કયા દેશમાં યોજાશે ? – રશિયા
- તાજેતરમાં ચર્ચામાં રહેલ VLCનું પૂરું નામ શું છે ? – વીડિયોલેન ક્લાયન્ટ
- વર્ષ 2023માં 17મા પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કયાં કરવામાં આવશે ? – ઈન્દોર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.

# Question Of this Week

1. તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલયે 'DST સ્ટાર્ટઅપ ઉત્સવ'નું આયોજન કર્યુ હતું ?

– વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય

2. અગસ્થ્યમલાઈ હાથી રિઝર્વ જે તાજેતરમાં જાહેર કરવામાં આવ્યું હતું, તે કયા રાજ્યમાં આવેલું છે ? – તમિલનાડુ

3. તાજેતરમાં આયુષ મંત્રાલય અને .............મંત્રાલયે આયુષ ગ્રીડ પ્રોજેક્ટ માટે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. – ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી

4. કયું ભારતીય રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશે 'મુખ્યમંત્રી અનુપ્રતિ કોચિંગ યોજના' લાગુ કરી છે ? – રાજસ્થાન

5. કઈ ફાર્મા કંપનીએ તેના ઈન્ટ્રાનાસલ કોવિડ રસીના કેન્ડિડેટ માટે ટ્રાયલ પૂર્ણ કરી છે ? – ભારત બાયોટેક

(હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેકે તેના ઈન્ટ્રાનાસલ કોવિડ રસીના ઉમેદવાર BBV154ના તબક્કા 3 ક્લિનિકલ ટ્રાયલનો ડેટા ડ્રગ રેગ્યુલેટરને સબમિટ કર્યો છે. તેણે પ્રાથમિક બે–ડોઝ રસી અને વિજાતીય બૂસ્ટર શોટ બંને તરીકે મંજૂરી માંગી છે.)

6. 'ઈન્ડિયા ઈન્ટરનેશનલ સીફૂડ શો'નું સ્થળ કયું છે ? (23મી આવૃત્તિનું) – કોલકતા

7. પ્રથમ બે વર્ષમાં બાળકોના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે શરૂ કરાયેલ રાષ્ટ્રીય અભિયાનનું નામ શું છે ?

– પાલન 1000

8. કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશે ડ્રોન સેવાની પ્રથમ ઉડાન 'મેડિસન ફ્રોમ ધ સ્કાય' શરૂ કરી છે ?

– અરૂણાચલ પ્રદેશ

9. તાજેતરમાં લોન્ચ થયેલ 'મંથન' પ્લેટફોર્મ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલું છે ? – સંશોધન અને નવીનતા

10. જુલાઈ 2022માં ભારતનો જથ્થાબંધ ફુગાવો કેટલો છે ? – 13.93%

11. કઈ સંસ્થાએ આરોગ્ય સુવિધાઓને મજબૂત કરવા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પદર્શન આધારિત ભંડોળ ફાળવણીની જાહેરાત કરી છે ? – નેશનલ હેલ્થ ઓથોરિટી

12. તાજેતરના HEI રિપોર્ટ અનુસાર વિશ્વના સૌથી વધુ વસતી ધરાવતા શહેરોમાં કયા શહેરમાં સૌથી વધુ સરેરાશ PM 2.5 સ્તર છે ? – નવી દિલ્હી

13. કયા રાજ્યએ 'વિદ્યા રથ– સ્કૂલ ઓન વ્હીલ્સ' પ્રોજેક્ટ શરૂ કર્યો છે ? – આસામ

(આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ વિદ્યા રથ – સ્કૂલ ઓન વ્હીકલ પ્રોજેક્ટની શરૂઆત કરી છે. તેનો ઉદ્દેશ્ય વંચિત બાળકોને 10 મહિના સુધી પ્રાથમિક શિક્ષણની પહોંચ આપવાનો છે. 10 મહિના પછી બાળકોને સામાન્ય શિક્ષણ પ્રણાલીમાં એકીકૃત કરવામાં આવશે. આ પ્રોજેક્ટ હેઠળ વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન, ગણવેશ અને પાઠ્યપુસ્તકો મફત આપવામાં આવશે.)

14. કૃષિ લોન માટે વાર્ષિક 1.5 ટકા વ્યાજ સબવેન્શન કેટલી હદ સુધી મંજૂર કરવામાં આવ્યું છે ? – 3 લાખ રૂપિયા

15. 'નેશનલ સિક્યુરિટી સ્ટ્રેટેજી કોન્ફરન્સ 2022'નું સ્થળ કયું છે ? – નવી દિલ્હી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

16. ભારતની પ્રથમ ડબલ ડેકર એસી ઈલેક્ટ્રિક બસનું અનાવરણ ક્યાં થયું છે ? – મુંબઈ


17. તાજેતરમાં લોન્ચ કરાયેલ 'મત્સ્યસેતુ' મોબાઈલ એપના ઓનલાઈન માર્કેટ પ્લેસ ફીચરનું નામ શું છે ? – એક્વા બજાર

(કેન્દ્રીય મત્સ્યોદ્યોગ પશુપાલન અને ડેરી મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલાએ નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડની બેઠક દરમિયાન 'મત્સ્યસેતુ' મોબાઈલ એપમાં ઓનલાઈટ માર્કેટ ફીચર 'એક્વા બજાર' લોન્ચ કર્યુ હતું. આ એપ્લિકેશન ICAR- સેન્ટ્રલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફ્રેશવોટર એક્વાકલ્ચર (ICAR- CIFA), ભુવનેશ્વર દ્વારા પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનાના માધ્યમથી વિકસાવવામાં આવી છે.)

18. કઈ રાજ્ય સરકારે ગ્રામીણ આજીવિકા પાર્ક સ્થાપવાની જાહેરાત કરી છે ? – છત્તીસગઢ

19. તાજેતરમાં ઉડાન (UDAN) યોજનાના કેટલા વર્ષ પૂર્ણ થયા છે ? – 5

Download Now





Offline Batch
સફળતાની સંપૂર્ણ તૈયારી
GPSC
(Class-1/2)
DISCOUNT
20%
15/9/2022 સુધી
DEMO START
8/9/2022
Time
8 to 10am
FREE Registration for Demo
GPSCમાં ICEના 170થી વધુ સફળ અધિકારીશ્રીઓ
ફ્રી 8 DAYS DEMO LECTURE
બેચની વિશેષતા
Prelim + Mains + Interview
બેઝિકથી ડેપ્થ સુધીની સંપૂર્ણ તૈયારી
GPSCની એક્સપર્ટ ટીમ દ્વારા કોચિંગ
UPSC લેવલ Detail Study Materials
કરંટ અફેર્સના સ્પેશિયલ લેક્ચર
Weekly Test + Mock Test
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
ICEONLINE
My Courses
FREE APPLICATION
ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS
કાલાવડ રોડ,
તિરૂપતી પેટ્રોલ પંપ સામે,
સ્વામિનારાયણ મંદિર પાસે,
રાજકોટ
93757 - 01110
93280 - 01110

# ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




**આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.**

# ICE®

## INSTITUTE FOR COMPETITIVE EXAMS

| Website | YouTube |
|---|---|
| iceonline.in | icerajkot |

| WhatsApp | Telegram |
|---|---|
| joinicerajkot.com | t.me/icerajkotofficial.com |

| Instagram | Facebook |
|---|---|
| icerajkot | icerajkot |

| Twitter | ICE Magic |
|---|---|
| icerajkot | ICE® MAGIC WEEKLY CURRENT AFFAIRS Free Download |

અમારી સાથે જોડાવા માટે અહી આપેલ **Social Media Icon** પર **Click** કરો.